Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૧૭૮

ૐ

परमात्मने नमः।

ભટ્ટારક શ્રી સકલકીર્તિ વિરચિત

# ધન્યકુમાર-ચરિત્ર

અનુવાદક

બ્ર૦ શ્રી વ્રજલાલ ગિરધરલાલ શાહ

: પ્રકાશક :

શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ-૩૬૪૨૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમ આવૃત્તિ : પ્રત–૨૦૦૦

વિ૦ સં. ૨૦૪૬ * ઈ. સ. ૧૯૮૯

અધ્યાત્મયુગપ્રવર્તક

## પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની

# જન્મશતાબ્દીના મંગલ અવસરે

(વૈ. સુ. ૨, સં. ૨૦૪૫ થી વૈ. સુ. ૨, સં. ૨૦૪૬)

શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ દ્વારા પ્રકાશિત

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ–૩૬૪૨૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been donated in memory of Pujya Shree Lalchandbhai Amarchand Modi by Rajesh & Jyoti Shah who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Dhanya Kumar Charitra is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 9 November 2007 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રકાશકીય

યથાર્થ તત્ત્વજ્ઞાન જેમ પદાર્થનો—આત્માનો સાચો બોધ કરાવી જીવનમાં આત્મહિતનો માર્ગ પ્રગટ કરે છે, તેમ તીર્થંકરો, મુનિભગવંતો અને સાધક ધર્માત્માઓનાં જીવનચરિત્ર પણ જીવોને આત્મહિતની પ્રેરણા આપે છે. પ્રથમાનુયોગકથિત તીર્થંકરાદિ મહાપુરુષોનાં જીવનચરિત્રથી આત્મસાધના અને તેના ફળનું યથાર્થ જ્ઞાન થાય છે. સુવર્ણપુરીનાં ભવ્ય જિનાલયોમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના માર્ગદર્શન તળે ઉત્કીર્ણ તીર્થંકરાદિ મહાપુરુષોનાં મનોજ્ઞ ચિત્રપટ મુમુક્ષુ જીવોને સાધના અને તેના ફળનું ચિત્રમય દર્શન કરાવી તે મહાપુરુષોનાં જીવનચરિત્ર જાણવાની અને પોતાના જીવનમાં તેવી સુવિશુદ્ધ આત્મસાધના પ્રગટ કરવાની મંગળ પ્રેરણા આપે છે. તેથી ધન્યકુમારનું જીવનચરિત્ર, 'પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી–જન્મશતાબ્દી'ના ઉપલક્ષ્યમાં, પ્રકાશિત કરતાં અતિ હર્ષ થાય છે.

તીર્થંકરો, મુનિભગવંતો તથા સાધક ધર્માત્માઓનાં જીવનચરિત્ર આત્મહિત-હેતુએ જાણવાની આપણા મુમુક્ષુ સમાજમાં જે કાંઈ જિજ્ઞાસા દેખાય છે તે, અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમ જ સ્વાનુભૂતિપરિણત પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા ચંપાબેનના પુનિત પ્રતાપે જ છે. આ બન્ને ધર્માત્માઓના પરમ પ્રતાપે જ શ્રી દિo જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી આવું સત્-સાહિત્ય પ્રકાશિત થાય છે.

આ ચરિત્ર 'શ્રી દિગમ્બર જૈન પુસ્તકાલય', સુરત તરફથી પ્રકાશિત 'ધન્યકુમાર-ચરિત્ર'ના ગુજરાતી અનુવાદરૂપે છપાયેલ છે; તેથી ટ્રસ્ટ ઉક્ત પ્રકાશકનું આભારી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ચરિત્રનો ગુજરાતી અનુવાદ બ્ર૦ શ્રી વ્રજલાલ ગિરધરલાલ શાહે તદ્દન નિસ્પૃહભાવે કરી આપ્યો છે, તેથી સંસ્થા તેમની આભારી છે. આ પુસ્તકના સુંદર મુદ્રણ માટે સંસ્થા 'કહાન મુદ્રણાલય'ની પણ આભારી છે.

જિજ્ઞાસુઓ આ પ્રકાશનથી જીવોના પરિણામોની વિચિત્રતા તથા તેમનાં ફળ જાણી, ધર્મભાવની પ્રેરણા પામે એ જ ભાવના.

'વીર-નિર્વાણોત્સવ' — પ્રકાશનસમિતિ,


આસો વદ ૦)) — શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

વીર સં. ૨૫૧૫ — સોનગઢ–૩૬૪૨૫૦

## શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૨૪ | પ્રમુખ | પ્રમુખ તથા |
| ૨૦ | ૨૦ | ધાતક | ઘાતક |
| ૨૬ | ૧૯ | ધૂમતો | ઘૂમતો |
| ૨૮ | ૨ | ઉપયોપ | ઉપયોગ |
| ૨૮ | ૬ | ધૃણા | ઘૃણા |
| ૨૮ | ૧૫ | હાલરનાં | હાલતનાં |
| ૩૫ | ૨૧ | ઉપાજર્યું | ઉપાર્જ્યું |
| ૪૯ | ૧૩ | ધણા | ઘણા |
| ૫૮ | ૨૩ | મહાન | મકાન |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

ૐ

## શ્રી ભટ્ટારક શ્રી સકલકીર્તિજી વિરચિત

# શ્રી ધન્યકુમાર-ચરિત્ર

શ્રી શોભિત તુવ વદનશશિ, હરૈ જગતજન તાપ;
ઇહ કારણ પદપદ્મ તુવ, નમહું નાથ! ગતપાપ.
શિવ-સુખદાયક આપકો, કહૈં જગતમેં લોક;
ક્યોં ન હરૌ ભવ-ગહનવન, ભ્રમણ નાથ! હે શોક.
અખિલ અમિત ભૂલોકમેં, તુમ સમ નહીં દયાલ;
દયાપાત્ર ફિર ક્યોં ન મૈં? વિભો દીનદયાલ.
આનંદકંદ જિનેશ! અબ, ગહ કરકે મમ હાથ;
અતિગંભીર જગજલધિસે, કરૌ પાર જનનાથ!
સકલકીર્તિ મુનિરાજને, સંસ્કૃતમેં સુવિશાલ;
વિરચ્યૌ ધન્યકુમારકો, ચરિત અમિત ગુણમાલ.
તિહિં ભાષા મૈં અલ્પધી લિખૂં સ્વપર સુખ હેતુ;
ઇસ મહાન શુભકાર્યમેં, નાથ! બનહુ સુખસેતુ.

## પહેલો અધિકાર

ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, જ્ઞાનકલ્યાણક અને નિર્વાણકલ્યાણકના અનુભોકતા, ત્રણ લોકના સ્વામી, શિવરમણીના નાથ અને ગુણોના સમુદ્ર શ્રી વર્દ્ધમાન જિનભગવાનને હું નમસ્કાર કરું છું. ૧.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરંગ અને બહિરંગ લક્ષ્મીથી વિભૂષિત, આરંભમાં ધર્મતીર્થનું પ્રવર્તન કરનાર, ધર્મના સ્વામી તથા અનંત ગુણોની ખાણ એવા શ્રી વૃષભનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું. ૨.

સર્વ મંગલોના કર્તા, લોકશ્રેષ્ઠ, સજ્જન પુરુષોનું આશ્રયસ્થાન તથા જગતનું હિત કરનાર બાકીના સર્વ તીર્થંકરોને હું નમસ્કાર કરું છું. ૩.

મનુષ્ય, દેવ અને વિદ્યાધરોના અધિપતિ, ગણધરાદિથી શોભિત, અઢીદ્વીપમાં વિચરતા જે શ્રી સીમંધરાદિ મોક્ષમાર્ગના પ્રકાશક વીસ તીર્થંકર છે તેમને મસ્તક નમાવીને હું નમસ્કાર કરું છું. ૪–૫.

આ ઉપર્યુક્ત તીર્થંકરો અને જે ત્રણ કાળમાં થવાના છે તે મારા દ્વારા નમસ્કાર અને સ્તુતિ કરાયેલા સર્વ તીર્થંકરો મેં શરૂ કરેલા કાર્યની સિદ્ધિ કરો. ૬.

જ્ઞાનાવરણાદિ આઠ કર્મ અને શરીરાદિ નોકર્મથી રહિત, સમ્યક્ત્વ આદિ આઠ મહાગુણોથી વિભૂષિત, ત્રણ લોકના શિખરપર આરૂઢ, ઇન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી આદિથી નમસ્કાર પામેલા, અનંત ગુણોના સ્થાનરૂપ, ઉત્તમ ગુણોની અભિલાષા રાખનાર ભવ્ય પુરુષો દ્વારા ધ્યાન કરવા યોગ્ય સિદ્ધ ભગવાનનું હું પ્રતિદિન સ્મરણ કરું છું. ૭–૮.

છત્રીસ ગુણોથી શોભતા, દર્શનાચાર, જ્ઞાનાચાર વગેરે પંચાચારનું પાલન કરવામાં તત્પર, ત્રણ ભુવનદ્વારા અભિવંદનીય અને શિષ્યો ઉપર દયા કરનાર આચાર્યોને હું વંદન કરું છું. ૯.

જે પોતાના જન્મરૂપ આતાપને દૂર કરવા માટે અંગ-પૂર્વક રૂપ અમૃતરસનું સ્વયં પાન કરે છે અને અન્ય ભવ્ય જીવોને પાન કરાવે છે એવા ઉપાધ્યાયોનું હું, મારા આત્મસ્વરૂપની ઉપલબ્ધિ માટે સ્તવન કરું છું. ૧૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે અખંડ રત્નત્રય અને આશ્ચર્યજનક યોગનું ત્રિકાળ સાધન કરે છે તે મુનિરાજ શિવપ્રાપ્તિ માટે મને શક્તિ આપો. ૧૧.

સર્વ ઋદ્ધિઓ તથા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનથી વિભૂષિત, ગુણોના સમુદ્ર, ત્રિભુવનાધિપતિથી વંદ્ય અને પૂજ્ય, સર્વ અંગોની રચના કરવામાં સમર્થ, વૃષભસેનથી માંડીને ગૌતમસ્વામી સુધીના સર્વ ગણધરોની હું સ્તુતિ કરું છું, તે સૌ મને તેમની બુદ્ધિનું પ્રદાન કરો. ૧૨-૧૩.

સંપૂર્ણ સિદ્ધાંતરૂપ સમુદ્રનો પાર પામેલા, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ અનર્ઘ્ય રત્નથી અલંકૃત, પરિગ્રહરહિત, દિશારૂપી વસ્ત્ર ધારણ કરનાર બીજા કેટલાય કુન્દકુન્દાદિ વિદ્વાન કવિઓ આ સંસારમાં પ્રસિદ્ધ થયા છે, તેઓ ગુણોવડે ગુરુત્વ પદને ધારણ કરે છે. તે સૌ ઉત્તમ મહાત્માઓનું હું સ્તવન કરું છું. ૧૪-૧૫.

અગિયાર અંગ, ચૌદ પૂર્વ અને પ્રકીર્ણકરૂપ શરીર ધારણ કરનારી, સમ્યગ્દર્શનાદિ રત્નાલંકારથી વિરાજિત, સાત તત્ત્વ અને નવ પદાર્થના વર્ણનથી યુક્ત, અનંત સુખ આપનાર, ગુણોથી વિભૂષિત, જિન ભગવાનના મુખકમલથી ઉત્પન્ન થયેલી તથા ગણધર ભગવાનદ્વારા વૃદ્ધિ પામેલી ભારતી (સરસ્વતી)—જેને હું સ્તવું છું અને નમું છું તે-મને સર્વાર્થસિદ્ધિની પ્રાપ્તિ અને સર્વ અર્થની સિદ્ધિ કરાવો. ૧૬-૧૭.

બાહ્ય અને અંતરંગ પરિગ્રહથી મુક્ત, યોગ્ય ઉત્તમોત્તમ ગુણોથી વિભૂષિત, સર્વ ભવ્ય જીવોનું હિત કરવામાં તત્પર, સંસારરૂપ સમુદ્રનો પાર પામેલા તથા સર્વ અર્થની સિદ્ધિનું સાધન કરનાર ધન્યકુમાર પ્રમુખ બાકીના સર્વ યોગીરાજોનું તેમના ગુણોની સમુપલબ્ધિ માટે હું સ્તવન કરું છું. ૧૮-૧૯.

આ ઉત્તમ ઉત્તમ મંગલ કરનાર ઉત્કૃષ્ટ તીર્થંકર ભગવાન. જિનવાણી તથા આચાર્યાદિ સાધુઓનું સ્તવન અને અભિવંદન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને મંગલસિદ્ધિ, પોતાના શરૂ કરેલા કાર્યની સિદ્ધિ, વિઘ્નનાશ, મોક્ષપ્રાપ્તિ અને કર્મનાશ વગેરે કાર્યોની સિદ્ધિ માટે પોતાના અને બીજાઓના હિતની ઇચ્છાથી, ઉત્તમ વૈશ્ય કુળદીપક તથા સર્વાર્થ-સિદ્ધિમાં જનાર ધન્યકુમારનું શુભ અને પવિત્ર ચરિત્ર હું કહીશ. ૨૦–૨૧–૨૨.

જે ચરિત્ર સાંભળવાથી ભવ્ય જીવોના રાગરૂપ શત્રુનો તો નાશ થશે અને સંવેગ, સમાધિ આદિ ગુણોની ઉત્પત્તિ થશે. ૨૩.

ગ્રંથકાર કહે છે કે હું આ ધન્યકુમારના ચરિત્રદ્વારા સ્વર્ગ-સુખની સંપત્તિના કારણરૂપ મહાન મહાન ઉત્તમ પાત્રોના દાનના શુભફલનું કીર્તન કરીશ. ૨૪.

આ જ કારણે ધન્યકુમાર ફક્ત પાત્રદાનના ફળથી રાજ્યસંપદાથી વિરાજિત અને સ્વર્ગની લક્ષ્મીના ઉપભોક્તા થયા. ૨૫.

આ વિશાળ પૃથ્વી ઉપર જંબૂવૃક્ષથી ઓળખાતો એક લાખ યોજનના વિસ્તારવાળો અને સમુદ્રથી વીંટળાયેલો ગોળાકાર જંબૂદ્વીપ છે. તેની વચ્ચે અત્યંત મનોહર, એક લાખ યોજન ઊંચો, જિનમંદિરો, દેવ અને દેવાંગનાઓથી શોભતો સુવર્ણમય સુમેરુ પર્વત છે. ૨૬–૨૭.

તેના દક્ષિણ ભાગમાં અતિશય સુંદર અને વિદ્યાધરો, મનુષ્યો તથા દેવોથી શોભાયમાન ધનુષ્યાકારનું ઉત્તમ ભરતક્ષેત્ર છે. ૨૮.

તેની બરાબર મધ્યમાં અત્યંત હૃદયહારી, ધર્મસંપાદનનું કારણ, વિદ્વાન અને ઉત્તમ ઉત્તમ કુળમાં ઉત્પન્ન ધર્માત્મા પુરુષો તથા જિનભગવાન આદિથી વિભૂષિત આર્યખંડ છે. ૨૯.

તેમાં ઉત્તમ ઉત્તમ મનુષ્યોથી પૂર્ણ ગ્રામ, ખેટ, નગર આદિથી સુંદર, સ્વર્ગ અને મોક્ષની સમુપલબ્ધિના કારણભૂત અવંતી નામનો દેશ છે. ૩૦. જેમાં જગતનો ઉપકાર કરનાર કેવળજ્ઞાની, ગણધર તથા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, આ બધા પોતપોતાની વિભૂતિ સાથે વિહાર કરે છે. ૩૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યાં યોગીન્દ્ર (સાધુ) જિનાલય તથા ધર્માત્માઓથી પુર, પાટણ, ખેટ, ગ્રામ, ગિરિ અને ભુવનાદિ શોભાયમાન છે. ૩૨. તે દેશમાં ઉત્પન્ન થયેલા કેટલાક બુદ્ધિમાન પુરુષો તો તપશ્ચરણ દ્વારા મોક્ષનું સાધન કરે છે, કેટલાક સર્વાર્થસિદ્ધિનું અને કેટલાક ગ્રૈવેયકાદિનું સાધન કરે છે. ૩૩. કેટલાક વિચક્ષણ પુરુષો સર્વજ્ઞ ભગવાનની પરિચર્યા દ્વારા સમ્યગ્દર્શનનું ગ્રહણ કરે છે. કેટલાક ઇન્દ્રપદ પામે છે અને કેટલાક દાનના ફળથી ભોગભૂમિમાં જાય છે. ૩૪

જે દેશમાં સંપૂર્ણ અભ્યુદયના હેતુભૂત શ્રી જિનભગવાન દ્વારા કહેવાયેલો ધર્મ. શ્રાવક, મુનિ અને ચતુર પુરુષો દ્વારા ચાલે છે. ૩૫. તે જ ધર્મથી અવંતીના નિવાસીઓ નિરંતર ડગલે ને પગલે સુખ ઉત્તમોત્તમ વસ્તુઓ અને સંપત્તિ પામે છે. ૩૬.

જે દેશમાં ધર્માત્મા પુરુષ પોતાને અનુકૂળ આચાર અને ગુણોદ્વારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સાધન કરે છે તે દેશમાં અન્ય અન્ય સામાન્ય વિષયના સાધનની વાત અમે ક્યાં સુધી કરીએ ? ૩૭.

તે જ અવંતી દેશની વચ્ચે નાભી સમાન સુવિશાળ, વિદ્વાન્ ધર્માત્મા, ઉન્નત્ત ચૈત્યાલયો અને મહોત્સવથી શોભતી ઉજ્જયિની નામની નગરી છે. ૩૮. તે ઊંચા ઊંચા ગોપુર, પ્રાકાર, ખાતિકા અને સુભટોથી યુક્ત હોવાથી લોકમાં અયોધ્યા સમાન શત્રુઓથી અલંઘ્ય જણાય છે. ૩૯.

તે નગરી શ્રાવક અને શ્રાવિકાઓથી પૂર્ણ, જિન પ્રતિમાઓથી પૂર્ણ, સુંદર, ઊંચા ઊંચા જિનમંદિરો, વાદ્ય અને ધનવાન લોકોથી શોભાયમાન છે. ૪૦. ત્યાં ધર્માત્મા પુરુષો પ્રાતઃકાળે પથારીમાંથી ઉઠતાં જ નિરંતર સામાયિક, સ્તવન તથા ધ્યાનાદિથી ઉત્તમ ધર્મનું સંપાદન કરે છે. ૪૧. અને પોતાના ઘરમાં તથા જિનાલયોમાં તીર્થંકર ભગવાનની પૂજા કરીને મધ્યાહ્ન સમયે પાત્રદાન માટે પોતાના ગૃહના દ્વારે સાધુઓની પ્રતિક્ષા કરે છે. ૪૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેઓ દિનભરમાં ઉત્પન્ન થયેલ પાપકર્મોના વિનાશ માટે અને શુભકર્મની સમુપલબ્ધિ માટે શુદ્ધિપૂર્વક સામાયિક તથા મહામંત્રનું ચિંતવન કરે છે. ૪૩.

આ જ પ્રમાણે અન્ય અન્ય શુભાચરણ, વ્રત, શીલાદિના પાલન તથા પર્વતિથિમાં ઉપવાસ, પૂજાદિદ્વારા નગરજનો ધર્મનું સેવન કરે છે. ૪૪. પછી તેમને તેના ફળથી ઇન્દ્રિયજન્ય સુખ, ભોગોપભોગ, સંપત્તિ, સુંદર સ્ત્રીઓ, બાળકો પોતાની ઇચ્છાનુસાર પ્રાપ્ત થાય છે. ૪૫.

અહો! દેવો પણ મોક્ષસુખની પ્રાપ્તિ માટે તે ઉજ્જયિની નગરીમાં જન્મવાની ઇચ્છા કરે છે. બીજા કોઈ ઉચ્ચ પદની પ્રાપ્તિ માટે તે નગરીનું બીજું કયું ઉત્તમ કીર્તન હોઈ શકે? ૪૬.

આવા વર્ણનથી ઓળખાતી તે ઉજ્જયિનીપુરીમાં પ્રતાપી, ધર્મબુદ્ધિ તથા ધર્માત્માઓ પ્રત્યે અત્યંત અનુરાગ કરનાર અવનિપાલ નામનો રાજા છે. ૪૭.

ત્યાં સરલ હૃદયવાળો ધનપાળ નામે એક વૈશ્ય રહે છે. શુભ લક્ષણોથી વિરાજિત પ્રભાવતી નામની તેની પત્ની છે. ૪૮.

તે બન્નેને પરસ્પર અત્યંત પ્રેમ રાખનાર, ગુણો અને સુંદર લક્ષણોથી સમાન, દેવદત્ત વગેરે સાત પુત્રો થયા. ૪૯. તેમાં કેટલાક બાળકો અક્ષરજ્ઞાન મેળવતા હતા અને મોટા પુત્રો ધનપ્રાપ્તિ માટે વેપાર કરતા હતા. ૫૦.

પછી કોઈ એક દિવસે પ્રભાવતી અંતિમ ચતુર્થસ્નાન કરીને પોતાના પતિ સાથે શય્યામાં સુતી હતી ત્યારે તેણે શુભોદયથી રાત્રિના પાછલા પહોરે પોતાના ગૃહદ્વારે પ્રવેશતા ઉન્નત વૃષભ, કલ્પવૃક્ષ અને કાંતિમાન ચન્દ્રાદિ શુભ ગ્રહો જોયા. તેને આ સ્વપ્ન જોવાથી ઘણો જ આનંદ થયો. પ્રાતઃકાળ થતાં તે શય્યામાંથી ઉઠી, બધી ધાર્મિક ક્રિયાઓ કરી અને સ્વામિની પાસે ગઈ. તેણે પોતાની મધુર વાણીથી પુત્રના અભ્યુદયસૂચક જોયેલા શુભ સ્વપ્નોનું નિવેદન કર્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપ્નની વાત સાંભળીને ધનપાળને પણ ઘણો સંતોષ થયો. પછી તે કહેવા લાગ્યો–પ્રિયે! આ શુભ સ્વપ્નોના ફળથી તો એમ લાગે છે કે તમને દાની, ઐશ્વર્યનો ઉપભોગ કરનાર, ઉત્તમ વૈશ્યકુળ રૂપ ગગનમાં ગમન કરનારા સૂર્ય તથા પોતાના સુંદર ગુણો અને ઉજ્જવલ સુયશદ્વારા ત્રણલોકને ઉજાળનાર મહાન પુત્રરત્નની પ્રાપ્તિ થશે.

પ્રાણનાથના વચનોથી પ્રભાવતીને પુત્રની સંપ્રાપ્તિથી થાય એવો જ આનંદ થયો. ત્યાર પછી ગર્ભના ચિહ્ન પ્રગટ દેખાવા લાગ્યા. જ્યારે નવ મહિના પૂરા થયા ત્યારે પુણ્યકર્મના ઉદયથી પ્રભાવતીએ ઉત્તમ દિવસે શુભ મુહૂર્તની શરૂઆતમાં, સુખપૂર્વક સુંદર કાન્તિવાળા, તેજસ્વી, શુભલક્ષણોથી શોભતા શરીરવાળા, સુભગ અને મનોહર ઉત્તમ પુત્રરત્નને જન્મ આપ્યો. આ પુત્ર ખરેખર પુણ્યશાળી હતો તેથી નાળ દાટવા માટે જ્યારે જમીન ખોદવામાં આવી ત્યારે ત્યાંથી ધન ભરેલું એક મોટું ચરૂ નીકળ્યું અને એ જ પ્રમાણે જ્યારે એના સ્નાન માટે ખોદતાં પૃથ્વીમાંથી ધન ભરેલો બીજો ઘડો નીકળ્યો.

ધનપાળ આ આશ્ચર્ય જોઈને તે જ સમયે રાજા પાસે દોડી ગયો અને કહેવા લાગ્યો કે મહારાજ! મને ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થઈ છે અને સાથોસાથ ઘણું ધન પણ મળ્યું છે. ધનપાળના વચન સાંભળી મહારાજ અવનિપાલ બોલ્યા, હે શ્રેષ્ઠી! જે પુત્રના પુણ્યથી તે ધન નીકળ્યું છે તેનો માલિક પણ તે જ પુણ્યશાળી છે. મને કોઈના ધનની અભિલાષા નથી. મહારાજાની આવી નિસ્પૃહતાથી ધનપાળને ઘણો જ સંતોષ થયો. પછી ત્યાંથી ઘેર આવીને શેરીના જિનાલયમાં મહાન વૈભવપૂર્વક સમસ્ત કલ્યાણોના કારણભૂત, વિઘ્નોનો નાશ કરનારી જિનભગવાનની મહાપૂજા કરી. ભિન્ન ભિન્ન પ્રકારના દાન આપીને પોતાના કુટુંબીઓને તથા યાચકોને સંતુષ્ટ કર્યા, સગા-સંબંધીઓ સાથે ગીત, વાદિત્ર, નૃત્ય, ધ્વજા, તોરણમાલા આદિ મહોત્સવપૂર્વક પુત્રજન્મનો ઉત્સવ કર્યો. ૫૧–૬૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પછી દસમા દિવસે ઘણું ધન ખરચીને સર્વ જિનાલયોમાં જિનેન્દ્રભગવાનની પૂજા કરી, સગાઓને તથા યાચકોને તેમની ઇચ્છાનુસાર સંતુષ્ટ કર્યા. કુટુંબીજનોએ વિચાર કર્યો કે અહો! આજે આપણે ધન્ય અને કૃતાર્થ થયા છીએ એ આ કુળદીપક ઉત્તમ પુત્ર જન્મનું જ ફળ છે અને આ કારણે તેમણે પુત્રનું શુભ નામ પણ ધન્યકુમાર પાડી દીધું. સુંદર, સ્વરૂપવાન લોકોની આંખોના પ્રેમભાજન અને પોતાને યોગ્ય અલંકારોથી અલંકૃત ધન્યકુમાર પણ માતા, પિતાદિ કુટુંબીજનોને દુગ્ધપાનાદિ સુમધુર ચેષ્ટાઓથી આનંદ આપવા લાગ્યા તથા બુદ્ધિ, શરીર, સૌન્દર્ય આદિમાં દિવસે દિવસે ચંદ્રની જેમ વધવા લાગ્યા. ધીરે ધીરે તે મુગ્ધાવસ્થા પાર કુમારાવસ્થામાં અને મનોહર ગુણોદ્વારા દેવકુમારની જેમ વધવા લાગ્યા.

તે વખતે ધનપાળે દેવ-શાસ્ત્ર-ગુરુઓની ભક્તિપૂર્વક પરિચર્યા કરીને વિદ્યા, કળા, વિજ્ઞાન વગેરે ગુણોની પ્રાપ્તિ માટે ધન્યકુમારને ઉપાધ્યાય પાસે ભણવા માટે બેસાડ્યા. બુદ્ધિમાન ધન્યકુમાર પણ થોડા જ સમયમાં ઉત્તમ બુદ્ધિરૂપ નૌકાદ્વારા શાસ્ત્રસમુદ્રને પાર કરી ગયા. તે ધીરે ધીરે યુવાવસ્થામાં અનેક શાસ્ત્રોના અનુભવી જ્ઞાન, કળા, કૌશલ્યના જાણકાર, વિચારશીલ, ઉત્તમ ગુણોના આશ્રય, બુદ્ધિમાન, સુયશવડે પૃથ્વીતળમાં પ્રસિદ્ધ, શુભ લક્ષણોથી શોભિત, સુંદર શરીરના ધારક, રૂપ, લાવણ્ય, ભૂષણ–વસન અને પુષ્પમાળાથી વિરાજિત કામદેવની જેમ શોભવા લાગ્યા હતા.

ધન્યકુમાર આ ઉંમરે પણ પ્રમાદી ન બનતાં નિરંતર ધર્મ પ્રાપ્તિ માટે પ્રચુર ધન ખરચીને દેવ-ગુરુ-શાસ્ત્રની પરિચર્યા કર્યા કરતા હતા અને શુભભાવથી પોતાની ઇચ્છા પ્રમાણે દીન, અનાથ લોકોને પણ દયા–બુદ્ધિથી દાન આપતા રહેતા હતા. આ પ્રમાણે સંપત્તિના ઉપભોગપૂર્વક કુમાર અવસ્થાને યોગ્ય સુખજનક ભોગોનો અનુભવ કરવામાં ઘણા દિવસ વીતી ગયા.

આમ નિરંતર લક્ષ્મીનો વ્યય કરવાની તેમની ઉદારતાને તેના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈઓ સહન કરી શકયા નહિ. તેથી તે દુર્બુદ્ધિઓએ કોઈ એક દિવસ પોતાની માતાને કહ્યું કે જુઓ! અમે બધા તો ધન કમાઈએ અને એને ભોગવનારો આ કેવળ ધન્યકુમાર, જે કદી કાંઈ કમાતો નથી!

પ્રભાવતીએ પુત્રોની આ વાત પોતાના સ્વામીને કહી સંભળાવી અને સાથે કહ્યું કે જુઓ! ધન્યકુમાર હવે બધી રીતે સૌભાગ્ય-સંપન્ન થઈ ગયો છે, તેને આપ વ્યાપારમાં કેમ જોડતા નથી? તે વ્યાપાર કરતો નથી તેથી જ તેના મોટા ભાઈઓ તેના પ્રત્યે દ્વેષ રાખ્યા કરે છે.

પોતાની પત્નીના વચન પ્રમાણે ધનપાળ પણ શુભ મુહૂર્તમાં સુપુત્ર ધન્યકુમારને કોઈ પણ ઉપાયે બજારમાં લઈ ગયો અને તેને સો દીનાર આપીને કહ્યું, 'પ્રિય પુત્ર! આ દ્રવ્ય લ્યો. જો કોઈ અહીં કોઈ વસ્તુ વેચવા માટે આવે તો આ દ્રવ્યથી તે ખરીદી લેજે, અને તે વેચીને તેના કરતા પણ કોઈ સારી વસ્તુ દેખાય તો ખરીદજે. ભોજન સમય થાય ત્યાં સુધી આ પ્રમાણે વસ્તુની લે વેચ કરજે અને ભોજનનો સમય થાય એટલે અંતે જે વસ્તુ ખરીદી હોય તે નોકર પાસે ઉપડાવીને ભોજન કરવા માટે ઘેર આવી જજે.' આમ સમજાવીને ધનપાલ તો ઘેર આવતો રહ્યો અને સરલ હૃદયવાળો, સુંદર ધન્યકુમાર નોકરની સાથે ત્યાં જ ઉભો રહ્યો. એટલામાં એક માણસ લાકડાની ભરેલી એક ઉત્તમ ગાડી વેચવા માટે ત્યાં લાવ્યો ધન્યકુમારે પિતાએ આપેલા ધનથી તે ગાડી ખરીદી લીધી. પછી ગાડી વેચીને એક ઘેટું ખરીદ્યું. અને તે ઘેટું પણ કોઈ બીજાને વેચીને તેની પાસેથી ખાટલાના ચાર પાયા ખરીદ્યા. પછી તે પોતાને ઘેર આવતો રહ્યો. તે વખતે તેની માતા ખૂબ આનંદિત થઈ અને કહેવા લાગી કે અહો! આજે પહેલા જ દિવસે મારો પુત્ર વ્યાપાર કરીને આવ્યો છે એટલે ઉત્સવ કરવો જોઈએ.

ધ. ૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં પેલા સાત પુત્રો આ સાંભળીને કહેવા લાગ્યા કે જુઓ! આ કેવી આશ્ચર્યની વાત છે કે આજે જ પિતાજીએ આને સો દીનાર વ્યાપાર કરવા માટે આપી હતી અને પહેલે જ દિવસે તે ખોઈ ને ચાલ્યો આવ્યો તો પણ આપણી માતા ઉત્સવ કરી રહી છે અને અમે તો ઘણું ધન કમાઈને લાવીએ છીએ છતાં પણ અમારી સામેય જોતી નથી, ઉલ્ટું ઉદાસીન રહે છે. ઠીક છે! એમાં એનો શો વાંક? દોષ છે અમારા પૂર્વોપાર્જિત કર્મોનો!

પુત્રોના વચન સાંભળી પ્રભાવતીએ તેને પોતાના હૃદયમાં સંઘરી રાખ્યા અને પછી બધા પુત્રો પહેલાં જ ધન્યકુમારને ભોજન કરાવીને પોતે પણ ભોજન કરી લીધું. પછી એક મોટા લાકડાના વાસણમાં પાણી ભરીને પ્રેમપૂર્વક પોતાના હાથે તે ખાટલાના પાયા ધોવા લાગી. ધોતાની સાથે જ પાયાના કેટલાક ભાગ છૂટા પડી ગયા અને બાકીના ભાગમાંથી કુમારના પ્રચુર પુણ્યોદયથી દેદીપ્યમાન અનેક રત્ન નીચે પડવા લાગ્યા અને તેમાંથી એક વ્યવસ્થાપત્ર પણ નીકળ્યો. કદાચ કોઈ એમ કહે કે આ ખાટલાના પાયા કોના છે? આ પત્ર કોણે લખ્યો? તથા આમાં પત્ર કેવી રીતે આવ્યો? આ બધા પ્રશ્નોના જવાબ નીચે લખવામાં આવે છે.

પહેલાં આ જ નગરમાં એક પુણ્યશાળી અને મહાધનવાન વસુમિત્ર નામનો રાજશ્રેષ્ઠી થઈ ગયો. તેના પ્રચુર શુભોદયથી તેને ત્યાં સમસ્ત ભોગોપભોગ સંપદાની આપનારી નવનિધિઓ ઉત્પન્ન થઈ હતી. એક દિવસ વસુમિત્ર ઉપવનમાં આવેલા કોઈ અવધિજ્ઞાની મુનિને જઈને પૂછ્યું, 'વિભો! ભવિષ્યમાં એવો કોણ પુણ્યાત્મા નરરત્ન જન્મવાનો છે કે જે આ નવ નિધિઓનો સ્વામી થશે?' મુનિરાજે અવધિજ્ઞાનના બળથી કહ્યું, "મહારાજ અવનિપાલની ઉત્તમ રાજધાનીમાં ધનપાલ વૈશ્યનો ધન્યકુમાર નામનો પુત્ર ઉત્પન્ન થશે અને તે જ પૂર્વોપાર્જિત પુણ્યોદયથી આ નિધિઓનો પણ સ્વામી થશે અને તેના દ્વારા લોકોને ખૂબ જ સુખ સંપત્તિ મળશે."

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુનિરાજના વચનો સાંભળી વસુમિત્ર પોતાના ઘેર ગયો અને પછી મુનિરાજના કથનાનુસાર આ પ્રમાણે વ્યવસ્થાપત્ર (વસિયત-નામું) લખ્યો. "શ્રીમાન્ મહામંડલેશ્વર મહારાજ અવનિપાલના સુરાજ્યમાં વૈષ્યકુળનું ઉત્તમ ભૂષણ, ધનવાન, ભાગ્યવાન અને પુણ્ય-વાન જે ધન્યકુમાર જન્મવાનો છે, તે જ ધન્યાત્મા મારા ઘરમાંથી, આ સ્થળેથી નવનિધિઓનો સ્વીકાર કરીને, સુખપૂર્વક અહીં જ રહે."

આ પ્રમાણે પત્ર લખીને, પત્ર ઉત્તમ ઉત્તમ રત્નો સાથે ખાટલાના પાયામાં મૂકી દઈને તે સુખેથી રહેવા લાગ્યો. પછી આયુષ્ય પૂર્ણ થતાં શેઠ તો સંલેખનાપૂર્વક પ્રાણ ત્યજીને શુભોદયથી સુખ–નિકેતન સ્વર્ગમાં ગયા. શેઠજીના સ્વર્ગવાસ બાદ ઘરના શેષ લોકો પણ ક્રમે ક્રમે મરીને કેટલાક અશુભ કર્મોદયથી નરકમાં, કેટલાક બીજી બીજી ગતિઓમાં ગયા. એમાં સૌથી છેલ્લે જે મર્યો તેને બાળવા માટે ખાટલા સહિત સ્મશાનભૂમિમાં લઈ ગયા. તે જ ખાટલાના પાયા શુભોદયથી ધન્યકુમારે ચાંડાલની પાસેથી ખરીદી લીધા હતા.

ગ્રંથકાર કહે છે કે અહો! શુભ કર્મ એક એવી વસ્તુ છે કે જે અપ્રાપ્ય હોય એવી, અત્યંત દુર્લભ, ઘણી દૂરની હોય તથા પ્રચુર ધનથી મળતી વસ્તુને પણ સ્વયં મેળવી આપે છે.

પત્ર વાંચતાં ધન્યકુમારને ખૂબ આનંદ થયો. તેમાં જે પ્રમાણે લખ્યું હતું તે જ પ્રમાણે નિધિઓના સ્થાનાદિને બરાબર સમજીને તે રાજાની પાસે ગયો અને તેમને યુક્તિપૂર્વક ગૃહ માટે માગણી કરી. પોતાના શુભોદયથી રાજાની આજ્ઞા મળતાં જ તે ઘરની અંદર ગયો અને ત્યાં નિધિઓ જોઈને આનંદિત થયો. ૧૨૨–૧૨૩.

પછી તે ઉત્કૃષ્ટ નિધિઓ પોતાના કબજામાં લઈને તેના દ્વારા મળતા અપરિમિત ધનનો ઉપયોગ દેવ-ગુરુ-શાસ્ત્રની મહા પૂજામાં, સત્પાત્રોને દાન દેવામાં, તથા અનાથોને તેમની ઇચ્છાનુસાર દયા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દાન કરવામાં તથા પ્રચુર વિભૂતિથી જિનધર્મીઓનો ઉપકાર કરવામાં કરવા લાગ્યો.

આ પ્રમાણે ધન્યકુમાર થોડા દિવસોમાં રાજ્ય માન્ય થઈને ચારે તરફ ફેલાયેલા સુયશદ્વારા અનેક પ્રકારના ભોગ ભોગવવા લાગ્યો. ધન્યકુમાર પોતાના કુટુંબીજનો તથા બીજાઓને પણ ખૂબ પ્રિય હતો. તે પોતાના શુભાચરણથી ધર્મસેવન કરતો થકો સુખરૂપ અમૃતસાગરમાં નિમગ્ન થઈ કૌતુકપૂર્વક વીતી ગયેલા સમયને ન જાણતાં સુખપૂર્વક રહેવા લાગ્યો. ૧૨૪–૧૨૮.

અહો! ધન્યકુમાર પોતાના પૂર્વોપાર્જિત પુણ્યકર્મના ઉદયથી સર્વત્ર આશ્ચર્યજનક ભોગ અને સુખ આપનારી ઉત્તમ સંપત્તિ–નવનિધિ પામીને મનુષ્યો તથા રાજાદિથી માન્ય સુખનો સદૈવ ઉપભોગ કરે છે, આમ જાણીને જે સુખના અભિલાષી પુરુષો છે તેમણે સદૈવ પોતાના પવિત્ર આચરણોથી કેવળ એક પુણ્યનું ઉપાર્જન કરવું જોઈએ. ૧૨૯.

કારણ કે આ જ પુણ્ય–પાપનો નાશ કરનાર છે, બુદ્ધિમાન લોકો પુણ્યનો આશ્રય કરે છે, પુણ્યથી સમસ્ત સુખ પ્રાપ્ત થાય છે, પુણ્યની પ્રાપ્તિ માટે જ પુણ્ય ક્રિયાઓ કરવામાં આવે છે, પુણ્યથી ત્રણ લોકમાં થતી લક્ષ્મી મળે છે, પુણ્ય મેળવવાનું બીજ વ્રત ધારણ કરવા તે છે. તેથી હે બુદ્ધિમાનો! સુખની પ્રાપ્તિ માટે નિરંતર પુણ્ય ઉપાર્જન કરવામાં ચિત્ત લગાવો. ૧૩૦.

આ પ્રમાણે શ્રી સકલકીર્તિ મુનિરાજ રચિત ધન્યકુમાર ચરિત્રમાં ધન્યકુમારના જન્મ તથા ઉપનિધિઓના લાભનું વર્ણન કરનાર પ્રથમ અધિકાર સમાપ્ત થયો. ૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# બીજો અધિકાર

જે ધર્મના આદિ પ્રવર્તક છે, જેમને ત્રણ લોકના સર્વ જનો નમસ્કાર કરે છે, સમસ્ત પૃથ્વી ઉપર જે ઉત્તમ ગણાય છે, સજ્જન પુરુષોના જે આશ્રયાધાર અને અખિલ સંસારના જીવોનું કલ્યાણ કરનાર છે તે શ્રી જિનેન્દ્રનું હું સ્તવન કરું છું.

એક દિવસ ઉજ્જયિનીનો જ કોઇ નિવાસી ધન્યકુમારનું કાંતિમાન સુંદર રૂપ જોઈને તેના પિતાને કહેવા લાગ્યો—ધનપાળ ! મારે રતિ સમાન સુંદર એક બાળા છે. મારી ઇચ્છા છે કે હું તેને ધન્યકુમારની સાથે પરણાવું કે જેથી તે પોતાની ઇચ્છાનુસાર સુખોપભોગ કરી શકે. તેના જવાબમાં ધનપાળે કહ્યું, હું તે ઠીક ગણતો નથી. આપે અમારા કરતા પણ વધારે ઐશ્વર્યવાન હોય તેમને તમારી કન્યા પરણાવવી જોઈએ. તેણે કહ્યું કે આપની વાત ઠીક છે પણ મારી ઇચ્છા તેને બીજા સાથે પરણાવવાની નથી તેથી મેં તો મારા હૃદયમાં નિશ્ચય કરી લીધો છે કે જે કોઈ સમયે હું તેને ધન્યકુમાર સાથે જ પરણાવીશ.

આ જ પ્રમાણે બીજા પણ કેટલાય ઘણા શ્રીમંત માણસો કહેવા લાગ્યા કે અમે પણ અમારી કન્યાના વિવાહ ધન્યકુમારની સાથે જ કરીશું, બીજા કોઈ સાથે નહીં. આ પ્રમાણે દિવસે દિવસે વધતો જતો પુણ્યશાળી ધન્યકુમારનો અભ્યુદય તેના મોટા ભાઈઓથી સહન ન થયો. તેઓ તેની ઈર્ષ્યા કરવા લાગ્યા અને સાથોસાથ તેની જીવનયાત્રા પૂરી કરી દેવાનો તેમણે સંકલ્પ કર્યો.

પેલી તરફ ધન્યકુમારને શુભ કાર્યો કરવામાંથી અવકાશ જ મળતો નહોતો એટલે એને શી ખબર પડે કે મારા ભાઈઓ મારા માટે કેવા કેવા ષડ્યંત્રો રચી રહ્યાં છે?

ભાવાર્થ એ કે તે ભાઈઓનો દુષ્ટ અભિપ્રાય જાણી શકયો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ. કોઈ એક દિવસે તે પાપી ભાઈઓ કાંઈક ગોઠવણ કરીને ઉપવનની વાવમાં જળક્રીડા કરવા માટે ધન્યકુમારને લઈ ગયા. સરળહૃદયી, નિર્દોષ ધન્યકુમાર વાવના કિનારે બેસીને પ્રેમપૂર્વક તે લોકોની જળક્રીડા જોવા લાગ્યો. એવામાં તેના ભાઈઓમાંથી એક કુટિલ પરિણામી પાપીએ પાછળથી આવીને તેનું ગળું દબાવી દીધું અને તે નિર્મળબુદ્ધિને વાવમાં ઊંધો ધકેલી દીધો. પાપના ઉદયથી ધન્યકુમાર વાવના ઊંડા જળમાં પડયા પરંતુ પડતાં પડતાંય તેને મહામંત્રનું સ્મરણ થઈ આવ્યું. તે પાપીને જ્યારે એટલાથી સંતોષ ન થયો ત્યારે ઉપરથી ખૂબ નિર્દયપણે તે કોઈ પણ રીતે જીવિત ન રહે એવી ઇચ્છાથી તેના ઉપર પથ્થર ફેંકવા લાગ્યા. પછી હવે તે નિયમથી પોતાનું જીવન પૂરું કરી ગયો હશે એમ માનીને તેઓ વિશ્વાસપૂર્વક સંતોષ માનીને ઘર તરફ પાછા ફર્યા. ગ્રંથકાર કહે છે કે–"સંસારમાં એવું કયું કામ છે કે જે પાપી ન કરતા હોય, પરંતુ નિયમથી તે કરે છે."

પેલી બાજુ ધન્યકુમારના મહાન પુણ્યોદયથી અથવા એમ કહો કે મહામંત્રની શક્તિથી તે જ સમયે જળદેવતાએ આવીને ધર્માત્મા કુમારને જળમાંથી બહાર નીકળવાના દ્વારેથી ધીરે ધીરે બહાર કાઢયો. એ વાત સાચી છે કે જેમણે પહેલા પુણ્યસંચય કર્યો હોય તેમને આધીન દેવ સ્વયં થઈ જાય છે, અને આવેલા ઉપદ્રવોનો નાશ કરીને ઉપકાર કરે છે. આ જ મહામંત્રનું ધ્યાન કરવાથી જે શુભ કર્મનો બંધ થાય છે. તેનાથી દુષ્ટો દ્વારા કરવામાં આવેલા બધા ઘોર ઉપદ્રવો નાશ પામે છે જેમ સિંહ દ્વારા મોટા મોટા ગજરાજ ક્ષણમાત્રમાં નામશેષ થઈ જાય છે. જુઓ! આ પુણ્યનું જ માહાત્મ્ય છે કે જળ કે સ્થળ સંબંધી ઉપદ્રવો, અકાળ મૃત્યુ, ચોરભય, રાજભય વગેરે વિઘ્નો બહુ જલ્દી શાંત થઈ જાય છે. તેથી જ કહેવામાં આવે છે કે જળ, સ્થળ, દુર્ગ, અટવી આદિ જનિત ભયની અવસ્થાઓમાં તથા મૃત્યુકાળમાં પણ કેવળ એક ધર્મ જ સહાયક થાય છે તેથી બુદ્ધિમાનોએ આપત્તિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયમાં વાસ્તવિક બંધુની જેમ હિત કરનાર અને મરણ વગેરે અપાય (દુઃખ)ના કારણોથી રક્ષા કરનાર ધર્મનું નિરંતર સંપાદન કરવું જોઈએ.

ત્યાર પછી પુણ્યાત્મા ધન્યકુમાર વિના પરિશ્રમે, નિર્વિઘ્નપણે પાણીની બાહર નીકળીને પોતાના નગર તરફ ચાલ્યો અને શહેર પાસે આવતાં વિચારવા લાગ્યો કે આ વખતે તો હું શુભોદયથી મરતાં મરતાં કોઈ પણ ઉપાયે બચ્યો છું પણ હજી જો તે લોકોનો સાથ રહેશે તો કોણ જાણે શું થશે? માટે મારે ઘેર જવું યોગ્ય નથી. કારણ કે સંસારમાં બાહ્ય શત્રુઓનો ભય હોય છે તેથી તેમને તો છોડી શકાય છે પણ જો ઘરનો માણસ શત્રુ થઈ જાય તો બહુ ખરાબ દશા થાય છે. જેમ કષાયાદિ અભ્યંતર શત્રુ સહસા છોડી શકાતા નથી તેવી જ રીતે તે લોકોનો સંબંધ છોડવો મુશ્કેલ બની જાય છે.

આમ પોતાના મનમાં શુદ્ધ વિચાર કરીને ધન્યકુમાર ત્યાંથી બીજા દેશ તરફ ચાલ્યો ગયો. ચાલતાં ચાલતાં તેણે એક ખેતરમાં કોઈ ખેડૂતને હળ હાંકતો જોયો અને વિચાર્યું કે મેં અનેક કળા, કૌશલ્ય મારી હોશિયારીથી પ્રાપ્ત કરેલ છે પરંતુ આ કોઈ અપૂર્વ જ વિદ્યા જણાય છે. આટલો વિચાર કરીને તે કિસાનની પાસે ગયો અને આશ્ચર્યથી તેની તરફ જોતો ત્યાં જ બેસી ગયો. ૨૮.

ખેડૂત નાના પ્રકારના અલંકારોથી સુશોભિત તેનું રૂપાતિશય જોઈને બહુ જ આશ્ચર્ય પામ્યો અને ધન્યકુમારને કહેવા લાગ્યો. ૨૯.

હે સ્વામી! હું કણબી છું, થોડુંક શુદ્ધ દહીં અને ભાત લાવ્યો છું. મારા ઉપર અનુગ્રહ કરીને આપ ભોજન કરો. ૩૦.

હે ચતુર! ભોજન કરીને મારી પ્રાર્થના સફળ કરો. ખેડૂતની વિનંતિથી ધન્યકુમારે તેને કહ્યું કે તમારી વાત હું સ્વીકારું છું. ૩૧

ધન્યકુમારના સ્વીકારથી સંતોષ પામીને ખેડૂત તેને હળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાસે બેસાડીને પોતે પાંદડાઓનું પાત્ર બનાવવા માટે પાંદડા લેવા ગયો. ૩૨.

ખેડૂતના ગયા પછી ધન્યકુમાર પોતાની મુઠીથી હળ પકડીને પોતાની ઇચ્છાનુસાર આનંદપૂર્વક કૌતુકથી બળદ ચલાવવા લાગ્યો. ૩૪

તે વખતે હળની અણીથી પૃથ્વીનું વિદારણ થતાં જ તેને સુવર્ણથી ભરેલો તાંબાનો એક બહુ મોટો કળશ દેખાયો. ૩૫. તે જોઈ ને ધન્યકુમારે વિચાર્યું કે અરે! મારા આ અપૂર્વ વિજ્ઞાનાભ્યાસથી હવે બસ થાવ! ૩૬. જો ખેડૂત આ પ્રચુર ધન જોશે તો પ્રગટપણે તે પણ ભાઈઓની જેમ મારી સાથે વર્તશે. ૩૭.

આમ વિચારીને દ્રવ્યના ભયથી ડરીને ધન્યકુમાર કળશને એમ જ રાખીને અને માટીથી એને ઢાંકીને બેસી ગયો. ૩૮.

એવામાં ખેડૂત પાંદડા લઈને આવ્યો અને ખાડામાં મૂકેલો નિર્મળ જળ ભરેલો કળશ તથા દહીં ભાત કાઢીને જળથી ધન્ય-કુમારના ચરણો ધોઈને તથા પાંદડા ધોઈને પાંદડાના પાત્રમાં ભોજન કરવા તેને બેસાડ્યો. ૩૯–૪૦.

ધન્યકુમારે ખેડૂતની ઇચ્છા પ્રમાણે ભોજન કર્યું અને ત્યાર પછી તેણે રાજગૃહ જવાનો સુગમ માર્ગ પૂછીને તે રસ્તે પોતાની ઇચ્છા પ્રમાણે ચાલતો થયો. ૪૧.

ધન્યકુમારના ગયા પછી જ્યારે ખેડૂત ફરી હળ ચલાવવા લાગ્યો ત્યારે તેને તે જ ધન દેખાયું. દ્રવ્ય જોઈને તે આશ્ચર્યથી વિચારવા લાગ્યો. અહો! તે પુણ્યશાળીના શુભોદયથી આ દ્રવ્ય નીકળ્યું છે તેથી તે મારે રાખવું યોગ્ય નથી. ૪૨–૪૪.

જે મૂર્ખાઓ લોભથી બીજાઓનું ધન લઈ લે છે તેઓ પાપના ઉદયથી પોતાની લક્ષ્મીનો પણ સાથે નાશ કરીને જન્મો-જન્મ દરિદ્રી થાય છે એનું એ જ કારણ છે. ૪૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમ વિચારતો બીજાના ધન પ્રત્યે નિસ્પૃહ ખેડૂત તે ધન ધન્યકુમારને આપવા માટે તેની પાછળ પાછળ જલ્દી જવા લાગ્યો. ૪૬. ધન્યકુમાર દૂરથી બૂમો પાડતા ખેડૂતને આવતો જોઈને એક વૃક્ષ નીચે સુખેથી બેસી ગયો. ૪૭.

એટલામાં ખેડૂત ધન્યકુમારની પાસે આવી તથા તેને નમસ્કાર કરીને બોલ્યો-હે નાથ! આપનું ધન છોડીને આમ નિસ્પૃહપણે કેમ ચાલ્યા ગયા? ૪૮. ખેડૂતના વચન સાંભળીને ધન્યકુમારે કહ્યું: ભાઈ! હું શું દ્રવ્ય સાથે લઈને અહીં આવ્યો હતો? નહીં જ. ઉલ્ટું તમે મને દહીં ભાતનું ભોજન કરાવ્યું છે તો પછી આ ધન મારું કયાંથી થયું? તેના જવાબમાં અત્યંત નિર્લોભી અને ચતુર ખેડૂત કહેવા લાગ્યો. ૪૯.

કુમાર! મારી વાત સાંભળો-પહેલા મારા પિતામહ અને પિતા આ ખેતર પોતાના પુત્ર સાથે ખેડતા હતા અને હું પણ હળ ચલાવતો હતો પરંતુ તેમાંથી કદી ધન નીકળ્યું નહોતું અને આજે તમારા આગમનથી શુભોદયથી આ ધન નીકળ્યું છે તેથી નિશ્ચયથી આ ધન તમારું છે કેમકે અમારા જેવા મંદભાગીને આવી સંપત્તિ કયાંથી મળે? ૫૦-૫૨.

ખેડૂતના આવા વચનો સાંભળીને ધન્યકુમાર બોલ્યો, ભલે આ ધન મારું જ રહ્યું. હવે હું એ તમને આપું છું, તમે પ્રયત્ન-પૂર્વક પુણ્યોપાર્જન અને સુખ માટે એનો ઉપભોગ કરો. ભાઈ! તમારો મારા ઉપર ઘણો મોટો ઉપકાર છે, આમ કહીને ખેડૂતે તેનો સ્વીકાર કરી તેને પ્રણામ કરીને કહ્યું. ૫૩. હે નાથ! હું કુટુંબી નામના ગામમાં રહું છું અને મારું નામ પણ કુટુંબી છે. જો કોઈ સમયે મારે લાયકનું કાંઈ કામ હોય તો આપ તરત જ મને સૂચના આપજો. આમ પ્રાર્થનાપૂર્વક ફરીથી નમસ્કાર કરીને તે ચાલ્યો ગયા. ૫૪.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધન્યકુમાર પણ ત્યાંથી રવાના થયો. તેને રસ્તામાં પૂર્વોપાર્જિત શુભોદયથી મનોહર તથા જંતુરહિત શુદ્ધ સ્થાનમાં બેઠેલા અવધિજ્ઞાની, નિરંતર ધર્મોપદેશ આપનાર, ત્રણ જગતના જીવોનું હિત કરનાર અને ગુણોના સમુદ્ર એવા એક મુનિરાજના દર્શન થયા. ૫૬-૫૭.

તેમના દર્શનથી હૃદયમાં ખૂબ આનંદ પામીને ધન્યકુમાર તેમની સમીપ ગયો. મુનિરાજને ત્રણ પ્રદક્ષિણા કરી, હાથ જોડીને તેમના દેવપૂજ્ય ચરણોમાં વંદના કરી અને ધર્મપ્રાપ્તિ માટે તેમની પાસે હર્ષપૂર્વક બેસી ગયો. ૫૮-૬૦.

મુનિરાજે પણ તેને ધર્મવૃદ્ધિ કહીને શુભાશીર્વાદથી તેની પ્રસંશા કરીને આ પ્રમાણે ધર્મોપદેશ કરવા લાગ્યા. કુમાર! જે ધર્મના પ્રભાવથી ડગલેને પગલે તને ખજાના મળે છે, મોટો લાભ થાય છે, બધે તને માન મળે છે, જે આ લોક અને પરલોકમાં હિતકારી છે, સ્વર્ગસુખ અને શિવસુખનો આધાર છે અને તીર્થંકર, ચક્રવર્તી તથા ઇન્દ્રપદની સંપત્તિ આપે છે તે જ ધર્મનું તારે સેવન કરવું જોઈએ. ૬૩.

કારણ કે ધર્મના ફળથી ધર્માત્માઓને ત્રણલોકની લક્ષ્મીજન્ય સુખ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ અને ઉત્તમ ઉત્તમ પદની પ્રાપ્તિ થાય છે. ૬૪. તે ધર્મનું જિનભગવાને મુનિ ધર્મ અને ગૃહસ્થધર્મ આમ બે પ્રકારે કથન કર્યું છે. તેમાં મુનિધર્મ સંપૂર્ણ છે અને ગૃહસ્થધર્મ એકદેશરૂપ દયામય છે. મુનિરાજ મુનિધર્મ દ્વારા તે જ પર્યાયથી અનંત સુખરૂપ મોક્ષ પામે છે. ૬૫-૬૬.

અથવા સર્વાર્થસિદ્ધિના સુખનો ઉપભોગ કરી સર્વજ્ઞાવસ્થા પામે છે અથવા બહુ મોટું ચક્રવર્તીપદ પામે છે અથવા ચરમ શરીરી થઈને ઉત્તમ તપશ્ચરણ દ્વારા ક્રમપૂર્વક મોક્ષમાં ચાલ્યા જાય છે. ૬૭-૬૮. અને ગૃહસ્થધર્મ દ્વારા બુદ્ધિમાન પુરુષ સર્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઋદ્ધિઓના આશ્રયભૂત અચ્યુત સ્વર્ગ સુધી સ્વર્ગમાં અથવા સત્‌પુરુષો દ્વારા સેવનીય તથા સંપત્તિની ખાણસ્વરૂપ અર્ચનીય ઉત્તમ કુળમાં અવતાર લે છે અને ત્યાં સુખ ભોગવી અનુક્રમે તપશ્ચરણ દ્વારા કર્મોનો નાશ કરી મોક્ષમાં ચાલ્યા જાય છે. ૬૯–૭૦.

હે ચતુર! આ બન્ને ધર્મનું મૂળ કારણ ચંદ્રમા સમાન નિર્મળ, નિઃશંક આદિ ગુણોથી યુક્ત, શંકાદિ પચ્ચીસ મળરહિત, જિનભગવાન અને ઇંદ્રાદિની સંપત્તિનું કારણ, ઉત્તમોત્તમ સુખની ખાણ, સમ્યગ્દૃષ્ટિ પુરુષોની સાથે રહેનારા શુદ્ધ સમ્યકત્વને જ સમજો. વીતરાગ ભગવાન સિવાય સુખોપભોગ અને મોક્ષનું કારણ, ત્રણલોકમાં પૂજ્ય બીજા કોઈ દેવ નથી, થયા નથી અને થશે નહિ. ૭૩. જિન ભગવાને કહેલા અહિંસા ધર્મ સિવાયના બીજા ધર્મ સત્ય નથી, ઋદ્ધિ અને સુખના કારણ નથી. ૭૪.

સમસ્ત પરિગ્રહરહિત નિર્ગ્રંથ ગુરુથી ચડિયાતા, સત્પુરુષોને સત્કાર કરવા યોગ્ય તથા સ્વર્ગ–મોક્ષમાર્ગના ઉપદેશક બીજા ગુરુ નથી. ૭૫. સર્વજ્ઞ ભગવાને કહેલા સાત તત્ત્વોથી અધિક સત્ય તથા સમ્યગ્જ્ઞાનનું કારણ બીજા તત્ત્વો આ સંસારમાં નથી. ૭૬.

ઉત્તમ પાત્રદાન સિવાય ભોગ અને સુખ આપનાર બીજું દાન નથી અને બાર પ્રકારના તપ સિવાય કર્મોનો નાશ કરનાર બીજું તપ નથી. ૭૭.

આમ જિન ભગવાનના કથનમાં જે બુદ્ધિમાન પુરુષોનો નિશ્ચય, શ્રદ્ધા અને રુચિનું ધારણ તે દર્શનરૂપ કલ્પવૃક્ષનું બીજ છે. કેમકે સંસારમાં મનોભિલષિત સુખ આપનાર ત્રણ જગતના સ્વામી અને જિન ભગવાનની સંપત્તિનું કારણ આ સમ્યક્ત્વ જ છે. આમ સમજીને આઠ ગુણસહિત ચંદ્રની કાંતિસમાન શુદ્ધ તથા પચ્ચીસ દોષ રહિત સમ્યગ્દર્શનની શુદ્ધિ તમે ધારણ કરો. ૭૯–૮૦.

તથોક્ત દેવપૂજાદિ છ ગૃહસ્થના કરણીય ધર્મોની પ્રાપ્તિ માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સદા તેનું આચરણ કરો. ૮૧. જિનપૂજા, ગુરુઓની સેવા, સ્વાધ્યાય, સંયમ, તપ તથા દાન આ ગૃહસ્થોએ નિત્ય કરવા યોગ્ય છ કર્મ પુણ્યના કારણ છે. ૮૨. ભક્તિપૂર્વક જિનમંદિર અને પ્રતિમાનું નિર્માણ કરાવીને પોતાની શક્તિ અનુસાર ઉત્તમ તથા મનોહર આઠ પ્રકારના પૂજાદ્રવ્યોથી પ્રતિદિન જે જિન પ્રતિમાઓની પૂજા કરવામાં આવે છે, તેને બુદ્ધિમાન પુરુષ સંપૂર્ણ અભ્યુદય આપનાર કહે છે. ૮૪. આ જ કારણે જિન ભગવાનની પૂજાથી બધી સંપત્તિઓ મળે છે, વિઘ્નો અને ગૃહકાર્યમાં થનારા પાપનો નાશ થાય છે. ૮૫.

જે ગૃહસ્થ ઉત્તમ પાત્ર સદ્‌ગુરુઓની પ્રતિદિન અજ્ઞાન અને મોહનો નાશ કરનારી અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્-ચારિત્રને આપનાર સેવા, ભક્તિ, સુશ્રુષા, સદા આજ્ઞાપાલન પોતાના ધર્મલાભ માટે કરે છે તેને ગુરુપાસ્તિ (ગુરુસેવા) કહે છે. ૮૭. જે બુદ્ધિમાન પુરુષ મોક્ષની પ્રાપ્તિ માટે સિદ્ધાન્તનો અભ્યાસ કરે છે તે તથા સામાયિક નમસ્કાર અને જ્ઞાનાભ્યાસ આદિ જેટલા પવિત્ર આચરણ છે તે બધા સ્વાધ્યાય કહેવાય છે. મહર્ષિઓ સ્વાધ્યાયને ત્રણલોકવર્તી પદાર્થોને જોવાવાળો પ્રદીપ કહે છે. કેમકે એનાથી પ્રચુર અજ્ઞાનાંધકારનો નાશ થાય છે તથા તે પંચેન્દ્રિયરૂપ શત્રુઓનો ઘાતક છે. ૮૮–૮૯.

આ જ હેતુએ, આ જ જ્ઞાનથી સત્પુરુષ હેય ઉપાદેયનું, ભલાબૂરાનું, દેવ–શાસ્ત્ર–ગુરુની પરીક્ષાનું, ધર્મના સ્વરૂપનું, મોક્ષ-માર્ગનું, ખોટામાર્ગનું તથા જૂઠા અને સાચા ધર્મનું સ્વરૂપ જાણી શકે છે અને જે અજ્ઞાની છે તે જેમ જન્માંધ પુરુષ હાથીનું બરાબર સ્વરૂપ જાણી શકતો નથી તેમ કદી કાંઈ જાણી શકતા નથી. ૯૦–૯૧.

આ પ્રમાણે સ્વાધ્યાયનું ફળ જાણીને બુદ્ધિમાન પુરુષોએ સિદ્ધાન્તશાસ્ત્રમાં પ્રવેશને રોકનાર અજ્ઞાનનો નાશ કરવા માટે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનની પ્રાપ્તિ માટે મોક્ષ સુખનો સાધક એવો સ્વાધ્યાય કરવો જોઈએ. ૯૨.

બાર પ્રકારના ઉત્તમ વ્રતોનું પાલન કરવું, પંચેન્દ્રિયરૂપ શત્રુઓને વશ કરવા અને હૃદયમાં પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો, તેને ગણધર ભગવાન સંયમ કહે છે. આ સંયમ નિરંતર પુણ્યની પ્રાપ્તિ કરનાર છે અને પાપાસ્રવનો નિરોધ કરે છે. ૯૩–૯૪. આઠમ અને ચૌદસને દિવસે અથવા વ્રતાદિમાં નિયમપૂર્વક ઉપવાસ કરવો તેને બીજું કાયક્લેશ તપ કહે છે. ૯૫.

બુદ્ધિમાન પુરુષ બાર પ્રકારના વ્રતો દ્વારા જે તપનું આચરણ કરે છે તે સંપૂર્ણ તપ કર્મને ભસ્મ કરવા માટે અગ્નિ સમાન છે. ૯૬. એનાથી ગૃહસ્થોના ગૃહારંભસંબંધી થનારા પાપનો નાશ થાય છે અને ગુણોની સાથે ધર્મરૂપ કલ્પવૃક્ષ વૃદ્ધિ પામે છે. ૯૭.

આમ સમજીને બુદ્ધિમાનોએ પર્વતિથિમાં ઉપવાસાદિપૂર્વક નિર્મળ તપાચરણ કરવું જોઈએ અને તેને પ્રાણોનો નાશ થવા છતાં પણ ન છોડવું જોઈએ. ૯૮. પ્રતિદિન દાન આપવા માટે પોતાના ઘરના બારણે ઉભા રહીને નિરીક્ષણ કરવું જોઈએ અને ઉત્તમ પાત્ર મળતાં તેમને દાન આપવું જોઈએ. કેમકે દાન સુખની ખાણ છે, પોતાનું અને પરનું હિત કરનાર છે, ધર્મ અને સુખ આપનાર છે, ગૃહારંભના પાપનો નાશ કરનાર છે અને ભોગભૂમિની વિભૂતિની પ્રાપ્તિ કરાવનાર છે. ૯૯–૧૦૦.

આ છ કર્મો દ્વારા ગૃહસ્થોને નિરંતર ઉત્તમ ધર્મની પ્રાપ્તિ થાય છે, તથા ગૃહારંભથી થતા પાપકર્મનો નાશ થાય છે. ૧૦૧.

હે કુમાર! આમ સમજીને તારે સ્વર્ગ સુખ આપનાર, પાવન, ગૃહસ્થોના છ કર્મ નિત્ય કરવા જોઈએ કેમકે એના જ દ્વારા પરંપરાએ મોક્ષસુખ પણ મળી શકે છે. અને જુઓ! પાંચ અણુ-વ્રત ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત; આ બાર વ્રત પણ ગૃહસ્થ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મમાં પાળવામાં આવે છે. ગૃહસ્થ ધર્મ પણ પાપનો નાશ કરનાર અને સ્વર્ગસુખનું મુખ્ય કારણ છે તેથી કુમાર! ધર્મની પ્રાપ્તિ માટે તારે શ્રાવકોના ઉત્તમ વ્રત ધારણ કરવા જોઈએ. તું એના વડે ઉત્તમ સુખ અને પરંપરાએ મોક્ષ પણ પ્રાપ્ત કરી શકીશ. સદૈવ સદ્ધર્મનું સંપાદન કરો, ધર્મનો જ આશ્રય લ્યો કારણ કે ધર્મ ગુણોનો ખજાનો છે. ધર્મ પ્રમાણે ઉત્તમ માર્ગે ચાલો, તેની પ્રતિદિન અભિવંદના કરો, ધર્મથી તમને સર્વ વસ્તુઓની અપાર સિદ્ધિ થશે. જુઓ! ધર્મનું મૂળ દયા છે તે કદી ન ભૂલો, ધર્મમાં સદા નિશ્ચલ ચિત્ત રાખો, એ જ ઉત્તમ ધર્મ તમારી સદા રક્ષા કરશે.

તમે જાણો છો કે ધર્મ અનંત સુખનો સમુદ્ર છે અને દુઃખનો નાશક છે, બુદ્ધિમાન મનુષ્યો સદા ધર્મનું ઉપાર્જન કરે છે, ધર્મ દ્વારા બધા ગુણ જલ્દી મળી જાય છે, ધર્મને હું પણ નમસ્કાર કરું છું. ધર્મ સિવાય બીજું કોઈ મોક્ષસુખ આપનાર કહેવાતું નથી. ધર્મનું મૂળ ક્ષમા છે. હું ધર્મમાં મારું ચિત્ત એકાગ્ર કરું છું. હે ધર્મ! તું મારી રક્ષા કર.

આ પ્રમાણે શ્રી સકલકીર્તિ મુનિરાજ રચિત ધન્યકુમાર–ચરિત્રમા ધન્યકુમારના વિઘ્નોમાં શાંતિ અને ધર્મશ્રવણ નામનો બીજો અધિકાર પૂર્ણ થયો. ૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ત્રીજો અધિકાર

**विश्वविघ्नहरान्यन्वे पञ्च, सत्वरमेष्ठिनः ।**
**विश्वश्रीधर्मकर्तृश्च, विश्वबन्धून्गुणार्णवान् ।।**

ધન્યકુમાર મુનિરાજ પાસેથી ધર્મોપદેશ સાંભળીને ઘણો આનંદ પામ્યો અને પોતાને યોગ્ય વ્રત નિયમાદિ શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કર્યાં. પછી મુનિરાજને ભક્તિસહિત અભિવંદના કરીને હાથ જોડીને પૂછયું—નાથ! આપ ત્રણ જગતના જીવોનું હિત કરનાર છો. આપને મારે એ પૂછવાનું છે કે મારા ભાઈઓ મારા પ્રત્યે શા માટે દ્વેષ રાખે છે અને કયા પુણ્યવશ મારી માતા મારા પ્રત્યે રાગ રાખે છે? વળી ડગલે પગલે મને સંપત્તિ મળ્યા કરે છે, એનું કારણ શું છે? શું આપ મને કૃપા કરીને આ બધી વાતો કહેશો?

મુનિરાજ ધન્યકુમાર ઉપર અનુગ્રહ કરીને તેના પૂર્વ જીવનનું ચરિત્ર તેને સંભળાવવા લાગ્યા. કુમાર! તમારું ચિત્ત કયાંય જવા ન દેશો. હું તમારા પૂર્વજીવનની કથા કહું છું જેથી તમને તમારા હૃદયમાં સંસારનો ભય ઉત્પન્ન થાય, ધર્મમાં અભિરુચિ થાય, પાપનો ડર લાગે અને દાન, વ્રત, નિયમાદિમાં ઉત્તમ વિચાર થાય. તમારી કથાથી સર્વ સાધારણ જીવોનો પણ ઉપકાર થશે.

ભારતવર્ષ-મગધદેશની અંદર ભોગાવતી નામની નગરી હતી. તેના સ્વામીનું નામ કામવૃષ્ટિ હતું. મૃષ્ટદાના તેની સ્ત્રી હતી. તેમના ઘરમાં સકૃતપુણ્ય નામનો એક નોકર હતો. જ્યારે મૃષ્ટદાના ગર્ભવતી બની ત્યારે જ તેના પાપના ઉદયથી કામવૃષ્ટિ મરણ પામ્યો. જેમ જેમ તેનો ગર્ભ વધતો ગયો તેમ તેમ ગર્ભના પ્રચંડ પાપથી તેના સંબંધીઓ મૃત્યુ પામ્યા.

પુત્રનો જન્મ થતાં જ મૃષ્ટદાનાની માતાએ પણ પરલોકની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યાત્રા કરી. ધન ધાન્યાદિ બધી વસ્તુઓ નાશ પામી. સાથો સાથ પુણ્યકર્મ પણ નાશ પામ્યું.

સાચું જ કહ્યું છે—જ્યારે અભાગી કુપુત્ર ગર્ભમાં આવે છે ત્યારે કુટુંબ, ધન, સુખ, અને પુણ્ય બધું નાશ પામે છે. ઘરમાં દારિદ્રનો વાસ થાય છે. પાપી પુત્રનો જન્મ સર્વથા દુઃખદાયક છે. સમજો! પુત્ર, સ્ત્રી આદિ જેટલી વસ્તુઓ દુઃખનું કારણ થાય છે તે બધું પાપનું ફળ છે તેથી જે બુદ્ધિમાન છે તેમણે અનિષ્ટ સંયોગનું મુખ્ય કારણ એવું પાપ પ્રાણ જવા છતાં પણ ન કરવું જોઈએ. સદા ધર્મનું ઉપાર્જન કરવું ઉચિત છે.

જુઓ! આ બાળકે પાપકર્મ સિવાય કદી પુણ્યકાર્ય કર્યું નહોતું, એ કારણે જ આજે એની આવી દારુણ દશા થઈ છે આમ સમજીને મૃષ્ટદાનાએ પણ પોતાના અભાગી પુત્રનું નામ અકૃત-પુણ્ય રાખ્યું. બધું ધન તો પહેલાં જ નષ્ટ થઈ ગયું હતું. જ્યારે બિચારી મૃષ્ટદાનાને પેટ ભરવાનું પણ મુશ્કેલ બન્યું ત્યારે બીજો કોઈ ઉપાય ન હોવાથી લાચાર બનીને તેણે બીજાના ઘરના દળણા દળીને અત્યંત દુઃખપૂર્વક અભાગી પુત્રનું પાલન પોષણ કરવાનું શરૂ કર્યું.

કામવૃષ્ટિનું મૃત્યુ થયું પછી પુણ્યોદયથી તેનો નોકર સુકૃત-પુણ્ય ભોગાવતીનો માલિક બની ગયો હતો. તે વખતે ધન્યકુમારે અવધિજ્ઞાની મુનિરાજને નમસ્કાર કરીને પૂછ્યું–ભગવાન્! બાળકે પૂર્વજન્મમાં એવું કયું પાપ કર્યું હતું કે જેથી આજે એને આ દશા જોવી પડી?

મુનિરાજ તેની કથા કહેવા લાગ્યા. જેના શ્રવણમાત્રથી ખોટા કામ કરવાનો ભય લાગે છે.

આ જ દેશમાં ભૂતિલક નામનું સુંદર નગર હતું. તેમાં અત્યંત ધનવાન ધનપતિ નામનો વૈશ્ય રહેતો હતો. ધનપતિ બુદ્ધિમાન, મહાદાની, વ્રતી હતો અને સદા શુભકર્મ કરતો.

એક દિવસ તેણે પોતાના નિર્મળ ચિત્તમાં વિચાર્યું કે લક્ષ્મી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્યના ઉદયથી મળે છે. મારી સમજ પ્રમાણે તેનું ફળ ફક્ત પાત્રદાન હોવું જોઈએ પરંતુ જે ઉત્તમ પાત્ર છે તે તો ફક્ત આહાર સિવાય બીજું કાંઈ પણ લેતા નથી અને નિર્ગ્રંથ સાધુઓને વસ્ત્ર, ધનાદિ આપી શકાતા નથી કેમ કે તેનાથી તેમની નિર્ગ્રંથતામાં બાધા આવે છે.

માટે ઊંચા ઊંચા મહાન જિનાલયો બનાવવામાં આવે, જિન-ભગવાનની પ્રતિમાઓ બનાવવામાં આવે અને તેમની પ્રતિષ્ઠા કરાવવામાં આવે તો અવશ્ય તે શુભ કર્મો દ્વારા લક્ષ્મી સાર્થક થઈ શકે અને કલ્પલત્તાની પેઠે ઇચ્છિત ફળ આપી શકે છે. કેમ કે જુઓ! જિનમંદિરોમાં કેટલાય લોકો જિન ભગવાનની પૂજાથી, કેટલાય નમસ્કાર, સ્તવન, દર્શન, ગીત, નૃત્ય અને વાદિત્રથી કેટલાય અભિષેકથી, કેટલાય ધર્મોપકરણાદિના દાનથી, કેટલાય ઉદ્યાપનાદિથી અને કેટલાય યાત્રા કરવાથી ઘણા મોટા પુણ્યકર્મનું ઉપાર્જન કરે છે. તેમાં મુનિઓ પણ રહે છે, તેમના દ્વારા ધર્મની પ્રવૃત્તિ થાય છે અને ધર્મ દ્વારા ભવ્ય પુરુષ સ્વર્ગાદિ સુખના ભોક્તા થાય છે ઇત્યાદિ અનેક પ્રકારના ભલા કાર્યોથી ગૃહસ્થો જિનમંદિરોમાં પુણ્ય સંપાદન કરે છે.

માટે જો એમ કહેવામાં આવે કે ધનવાન લોકોને માટે લક્ષ્મીનું વાસ્તવિક ફળ જિનમંદિરનું નિર્માણ અને ઉદ્ધાર કરાવવા સિવાય બીજું કાંઈ નથી તો તેમાં કાંઈ ખોટું નથી. કેમકે હજારો વર્ષ સુધી તેમાં જિન પ્રતિમાઓની પૂજા થયા કરશે.

જેઓ પ્રતિમાઓ બનાવરાવે છે તેમને કેટલું પુણ્ય બંધન થતું હશે તે કોણ કહી શકે? માટે ધનવાનોએ જિનપ્રતિમા બનાવરાવવી જોઈએ. તેનાથી તે સ્વર્ગ અને મોક્ષસુખના ભોક્તા થઈ શકશે. ગ્રંથકાર કહે છે કે જે લોકો જિન-પ્રતિષ્ઠા કરાવે છે તેમને કેટલો પુણ્યબંધ થાય છે તેની સંખ્યા હું જાણતો નથી

ધ. ૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ કે પ્રતિષ્ઠા દ્વારા ધર્મની વૃદ્ધિ થાય છે.

આ જ હેતુથી પ્રતિમા બનાવરાવનાર ઘણું પુણ્ય કમાય છે. કેટલાક મિથ્યાદૃષ્ટિ તો જિનપ્રતિમા બનાવરાવીને અને પ્રતિષ્ઠા કરાવરાવીને જ જૈની થાય છે બીજી રીતે નહિ. તાત્પર્ય એ છે કે જિનપ્રતિમા અને જિનપ્રતિષ્ઠા પુણ્યનું કારણ છે તેથી ધનવાન માણસો જિનાલય શા માટે ન બનાવે?

આવા વિચારથી ધનપતિ શેઠે એક અત્યંત વિશાળ સુંદર જિનાલયનું નિર્માણ કરાવ્યું અને સુવર્ણ તથા રત્નમયી જિનપ્રતિમાઓ બનાવરાવી. ચારે સંઘ એકઠા કરી તે પ્રતિમાઓની વિધિ પ્રમાણે ખૂબ ધન ખર્ચીને પ્રતિષ્ઠા કરાવી અને જિનાલયમાં આપવા માટે સુવર્ણ અને રત્નમયી શ્રૃંગાર, કલશાદિ ધર્મોપકરણ બનાવરાવ્યા.

તે રત્નમયી પ્રતિમાઓની પ્રસિદ્ધિ સર્વત્ર ફેલાઈ ગઈ. તે સાંભળીને કોઈ દુર્વ્યસની ચોરે લોભમાં આવી વિચાર કર્યો કે તે જિનાલયના રક્ષણ માટે ઘણા રક્ષકો નીમ્યા હશે એટલે સાધુનો વેશ ધારણ કર્યા વિના તેની અંદર હું નહીં જઈ શકું.

આમ વિચારીને તે માયાવી લોભને વશ થઈ બ્રહ્મચારી બની ગયો, કપટભાવથી કાયક્લેશાદિ તપશ્ચરણ કરવા લાગ્યો અને ભોળા લોકોમાં પોતાના ગુણોની પ્રશંસા કરવા લાગ્યો. આમ દેશ દેશમાં ઘૂમતો તે ભૂતિલકપુરમાં આવી પહોંચ્યો.

જ્યારે ધનપતિએ લોકોના મોઢે બ્રહ્મચારીની પ્રશંસા સાંભળી ત્યારે તે તેની પાસે ગયો અને નમસ્કાર કરીને તે તેને પોતાના મંદિરમાં લઈ આવ્યો. કપટી બ્રહ્મચારી પણ જૂઠી તપશ્ચર્યા કરીને લોકોનું આકર્ષણ કરી બગલાની જેમ જિનાલયમાં રહેવા લાગ્યો.

એક દિવસે ધનપતિએ પાપી બ્રહ્મચારીને કહ્યું—મહારાજ! મારે વ્યાપાર અર્થે બીજા દેશમાં જવું છે તેથી આપને મારી પ્રાર્થના છે કે જ્યાંસુધી હું પાછો ન ફરું ત્યાંસુધી આપ જિનાલયનું રક્ષણ કરજો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બ્રહ્મચારીએ એ વાત એમ કહીને ટાળી દીધી કે અમે અહીં નહીં રહીએ. (સાચું છે કે જેમના અંતર કાળા હોય છે તેમની અંદરની વાતો કોઈ જાણતું નથી.) બરાબર એવી જ દશા સરળ-સ્વભાવી ધનપતિની થઈ. તે બ્રહ્મચારીના અંતરંગ દિલની વાત ન જાણવાથી તેના ઇન્કારથી વધારે જોરથી આગ્રહ કરવા લાગ્યો અને ગમે તેમ સમજાવી તેના ઉપર રક્ષણનો ભાર મૂકીને પોતે દેશાન્તરમાં ચાલ્યો ગયો.

પેલી બાજુ માયાવી બ્રહ્મચારીનો દાવ સફળ થયો એટલે તેણે વ્યસનોમાં જિનાલયના બધા ઉપકરણો ઉડાડી મૂકયા. પરંતુ આ પાપ કયાં સુધી છાનું રહી શકે? તે બ્રહ્મચારીના શરીરમાં કોઢ ફૂટી નીકળ્યો, આખું શરીર દુર્ગંધમય બની ગયું, તેના કારણે તેને ખૂબ દુ:ખ થવા લાગ્યું.

સાચું જ કહ્યું છે કે અધિક પાપનું અથવા પુણ્યનું ફળ પ્રાય: તે જ વખતે ઉદયમાં આવે છે. પાપનું ફળ બહુ દુ:ખદાયક હોય છે અને પુણ્યનું ભલું હોય છે. પાપીઓને આ જ ભવમાં વિવિધ પ્રકારના રોગાદિ અને પરલોકમાં નરકાદિનાં દુ:ખ ભોગવવા પડે છે અને પુણ્યાત્માઓની બધા પ્રશંસા કરે છે, તેમની ખૂબ પ્રતિષ્ઠા થાય છે, લોકમાં તેમનો યશ ફેલાય છે અને પરભવમાં પણ ઉત્તમ ગતિ મળે છે.

જેઓ દેવ–ગુરુ–શાસ્ત્રની પૂજા કરે છે તે સ્વર્ગમાં જાય છે અને જે પાપી નિર્માલ્યનું (–ધર્માર્થે અર્પણ કરેલું) ખાય છે તે નરકમાં જાય છે. તેના વંશનો સર્વનાશ થાય છે, ધન ચાલ્યું જાય છે, જાતજાતના દારુણ રોગ ભોગવવા પડે છે. આટલાથી પણ છૂટકારો ન થતાં અંતે તેમના માટે નરકના દ્વાર ખુલા રહે છે.

ગ્રંથકાર કહે છે કે હળાહળ વિષ ખાવું ઘણું સારું (પછી એનાથી તે જ વખતે ભલે પ્રાણ ગુમાવવા પડે) પણ નિર્માલ્યનું ખાવું સારું નથી. કારણ કે એનાથી અનંત ભવ બગડે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ વાત ધ્યાનમાં લઈને બુદ્ધિમાનોએ કદી દેવ-ગુરુ-શાસ્ત્રનું નિર્માલ્ય ન લેવું જોઈએ. જેમ વિષનો ઉપયોપ ખરાબ છે તેવી જ રીતે નિર્માલ્યને પણ અહિતકારી ગણીને છોડી દેવું જોઈએ.

બ્રહ્મચારી આવી ભીષણ અવસ્થામાં ત્યાં જ રહેતો હતો. તેના શરીરની હાલત અત્યધિક બગડી ગઈ હતી. તેના બધા અંગ ઉપાંગ કોઢને કારણે ગળી રહ્યા હતા. જોવામાં ઘણી ઘૃણા થતી હતી, તેનો આકાર ભયંકર બની ગયો હતો, દરેક સમયે તેનામાં રૌદ્ર ભાવ થયા કરતા હતા. ટૂંકમાં કહીએ તો તે ખાસા દુઃખના સમુદ્રમાં ડૂબી રહ્યો હતો.

એટલામાં ધનપતિ પણ વિદેશયાત્ર કરીને નિર્વિઘ્નપણે પાછો આવી ગયો. તેને જોતાં જ બ્રહ્મચારીને ખૂબ ક્રોધ ઉત્પન્ન થયો. તેના મુખમાંથી એવા ઉદ્ગાર નીકળી ગયા કે તે મર્યો પણ નહિ અને અહીં પાછો આવતો રહ્યો.

એટલું કહીને શેઠ ઉપર દારુણ રૌદ્રધ્યાન કરવાથી તેની વેદના વિશેષ વધી ગઈ અને એ જ હાલરમાં ઘણા કષ્ટપૂર્વક મરણ પામ્યો. તે મરીને નિર્માલ્ય ભક્ષણના પાપથી સાતમા નરકમાં ગયો. ત્યાં અત્યંત દુર્ગંધમય ઉપપાદ પ્રદેશમાં ઉપર પગ અને નીચે મોઢું રાખીને ઉત્પન્ન થયો અને એક મુહૂર્તમાં હૂંડક સંસ્થાન તથા કુત્સિત શરીર ધારણ કરીને પૃથ્વી ઉપર પડયો. પડતાં વેંત તે પૃથ્વીના આઘાતથી પાંચસો યોજન ઉછળ્યો અને પાછો પડયો ત્યારે તેના શરીરના ટૂકડે ટૂકડા થઈ ગયા.

જેમ વૃક્ષ ઉપરથી પડીને પાંદડું વાયુવેગે પૃથ્વી ઉપર પડે છે બરાબર તેવી જ હાલત તેની નરકમાં હતી. નરક અત્યંત ભયાનક હોય છે. તેમાં દુર્ગંધનો પાર નથી, એક સાથે હજારો વીંછીઓના ડંખ જેવું દુઃખ થાય છે, ચારે તરફ વનની જેમ કાંટાથી ઘેરાયેલ હોય છે.

તેણે જ્યારે ત્યાં નજર કરી તો તેને ભયંકર લાલ લાલ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આંખોવાળા અને દારુણ કર્મ કરનાર નારકીઓ દેખાયા અને બરાબર એવી જ સર્વ દુ:ખોના સ્થાનરૂપ, અસ્પર્શનીય, અતિભયાનક નરકની ભૂમિ જોવામાં આવી. તે વખતે તે વિચારવા લાગ્યો–

હું કોણ છું? અહીં ક્યાંથી અને શા માટે આવ્યો? આ સ્થળ આટલું ભયંકર કેમ છે? આ ભયંકર લોકો કોણ છે? આમ વિચાર કરતાં તેને વિભંગ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તેનાથી પોતાને ભયંકર નરકમાં પડેલો જાણીને પોતાના પૂર્વભવના ખોટા આચરણો વિષે વિચાર કરવા લાગ્યો—'હાય! પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઈને મેં પાપીએ સાત વ્યસનોનું સેવન કર્યું હતું, અભક્ષ્ય મધ, માંસાદિ ખાતા હતા, સ્વચ્છંદી બનીને મદિરાપાન કર્યું હતું, ચોરી અને માયાચાર દ્વારા બીજાનું ધન લૂંટયું હતું, બીજાઓની સ્ત્રીઓ ઉપર બળાત્કાર કર્યો હતો, જીવોની હિંસા કરી હતી, જૂઠા અને કઠોર વચન બોલ્યો હતો. જિનાલયના ઉપકરણાદિ લઈ ગયો હતો, આર્ત, રૌદ્ર, દુર્લેશ્યા, ખરાબ આચરણ અને બીજાઓને દુ:ખ દેવું આદિ દુરાચારોથી નિરંતર પાપનું ઉપાર્જન કર્યું હતું, તે જ મહાપાપથી અહીં આ દારુણ દુ:ખ ભોગવવું પડયું છે.

આ દુ:ખ કેટલું દુરન્ત અને દુ:સહ છે કે જેની ઉપમા સંસારમાં કોઈને આપી શકાતી નથી. પાપ તો હું ઘણું કમાયો અને પુણ્યના કારણ એવા વ્રત, નિયમાદિનું ન તો પાલન કર્યું છે, ન નમસ્કારમંત્રનું ધ્યાન કર્યું, ન જિનપૂજા કરી, ન ગુરુઓના ચરણોની સેવા કરી, ન ઇંદ્રિયોને વશ કરી, ન ઉત્તમ પાત્રોને દાન આપ્યું અથવા ટૂંકમાં એમ કહો કે શુભકર્મો દ્વારા ધર્મનું લેશ પણ સંપાદન કર્યું નથી કે જે ઉત્તમ ગતિના સુખનું કારણ છે અને દુર્ગતિથી બચાવનાર છે. આ જ કારણે મારે દુ:ખપ્રચુર અને મહાનિંદ્ય દુ:ખરૂપી સમુદ્રમાં જન્મ લેવો પડ્યો છે. હા! હું પાપ શત્ર દ્વારા પૂર્ણપણે જકડાયેલો છું. હું કયાં જાઉં? અને મારી દુ:ખ કથા કોની પાસે જઇને સંભળાવું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અત્યારે પાપનો અત્યંત દારુણ ઉદય થવાથી મને તો અહીં કોઈ રક્ષક પણ દેખાતો નથી. અરેરે! આ ઘોર દુઃખ સમુદ્રમાંથી હું કેવી રીતે પાર પામી શકીશ? આહ! કર્મે મારા શિર પર ઘણી મોટી યાતનાનો પહાડ ખડકી દીધો.

અહીં આ પોતાના કરેલા કર્મોના પ્રાયશ્ચિત્તમાં અંદર અને બહાર જલી રહ્યો હતો એવામાં કેટલાક નારકીઓ એ ક્રોધે ભરાઈને તેના શરીરના મુદ્‌ગર આદિ શસ્ત્રોથી ખંડ ખંડ કરી નાખ્યા. કેટલાક નિર્દય પાપીઓએ એમ કહીને કે જો આ એ જ આંખો છે ને કે જેણે બીજા તરફ હલકી નજરે જોયું હતું, જલ્દીથી ખેંચી કાઢી, કેટલાક દુર્બુદ્ધિઓ એ હૃદયમાં ઉત્પન્ન થયેલા પાપ વિકારથી તેનું પેટ ચીરી નાખ્યું, અંદરના આંતરડા તોડી નાખ્યા, કેટલાકે કરવતવડે તેનું શરીર ચીરી નાખ્યું, કેટલાકે તેના અધમ શરીરના તલ તલ જેવડા ટૂકડા કરી નાખ્યા.

નારકીઓના શરીરના ટૂકડા પારાની જેમ મળી જાય છે કેમકે જ્યાં સુધી આયુષ્યની સ્થિતિ પૂરી ન થાય ત્યાં સુધી તેનું મરણ થતું નથી, તેની આવી જ દશા થયા કરે છે.

બિચારા બ્રહ્મચારીના જીવનો હજી એક તરફથી વેદનાનો છૂટકારો થયો નહોતો ત્યાં તો કેટલાક નારકીઓએ આવીને તેને પ્રચુર દુઃખ દેવાની ઇચ્છાથી ઉપાડીને ગરમ ઉકળતા તેલની કડાઈમાં નાખી દીધો. જોતજોતામાં તેનું આખું શરીર બળી ગયું.

શાંતિ માટે તેણે ત્યાંથી નીકળીને વૈતરણી નદીના દુર્ગંધી જળમાં ડૂબકી મારી પરંતુ ત્યાં પણ તેને શાંતિ ન મળી. કેમ કે તે જળ માંસ અને લોહીની પેઠે અત્યંત ગ્લાનિ કરે છે તેથી તેનાથી તેનો સંતાપ ઘણો જ વધી ગયો.

જ્યારે તેણે જોયું કે અહીં પણ શાંતિ નથી ત્યારે વનમાં મને જરૂર કાંઈક આરામ મળશે એમ માનીને તે વનમાં પહોંચ્યો અને કોઈક ઝાડની નીચે બેસવા ઇચ્છતો હતો ત્યાં પ્રચંડ વાયુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થવાથી ખડ્ગ જેવા તીક્ષ્ણ ધારવાળા પાંદડા તેના ઉપર પડ્યાં. પાંદડા પડતાં જ તેના શરીરના ખંડ ખંડ થઈ ગયા.

ત્યાંથી એ જ દશામાં બીજા વનમાં ગયો તો ત્યાં વૈક્રિયિક સિંહ, વાઘ આદિ હિંસક જીવ તેને ખાવા માંડ્યા અને એ જ વખતે કેટલાક નારકી ત્યાં આવી પહોંચ્યા અને ઇશારા કરીને તેને કહેવા લાગ્યા કે પહેલાં તેં ઘણી પરસ્ત્રીઓનાં જીવન બગાડયા હતા, અહીં પણ તે સુખનો અનુભવ કર એમ કહીને પરાણે તેને જલતી લોઢાની પુતળીઓ સાથે આલિંગન કરાવવા લાગ્યા. કેટલાક સાણસીથી તેનું મોઢું પહોળું કરીને મદ્યની જેમ ગરમ તાંબાનો રસ તેમાં રેડવા લાગ્યા. જેટલા દુઃખદ રોગ છે તે બધા નારકીઓના શરીરમાં સ્વભાવથી જ થઈ જાય છે.

તેમને તરસ એટલી બધી લાગે છે કે આખો સમુદ્ર પી જાય તો પણ તે છીપે નહીં અને છતાંય તેમને પાણીનું એક ટીપું ય મળતું નથી. સંસાર આખાનું અન્ન ખાવા છતાં ન મટે એવી તેમની ભૂખ હૃદય બાળી નાખે છે પણ તલ જેટલુંય અનાજ ખાવા તેમને મળતું નથી. ત્યાં એટલી ઠંડી છે કે એક લાખ યોજનનો લોહપિંડ તેમાં નાખતાં જ ઠંડીથી તેના પરમાણુ વિખરાઈ જાય છે અને એટલી જ અધિક ગરમી પણ રહે છે.

આ પ્રમાણે નરકમાં પરસ્પર આપેલા અને મન, વચન, કાયાની બુરી વૃત્તિથી ઉપાર્જિત કરેલા મહા પાપના ઉદયથી શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા આદિની ભીષણ યાતનાઓનો અનુભવ તે બ્રહ્મચારીના જીવે નિરંતર કર્યો. નારકીની પીડાનું વર્ણન કરે એવી શક્તિ વાણીમાં નથી. તે પાપી જીવે તેત્રીસ સાગર સુધી ત્યાં અનેક પ્રકારના દુઃખ ભોગવ્યા, કે જ્યાં દુઃખસમુદ્રમાં ડૂબેલા નારકીઓને નિમેષ માત્ર પણ સુખ હોતું નથી.

જ્યારે તેની નરકની સ્થિતિ પૂરી થઈ ત્યાંથી નીકળીને તે પાપના ઉદયથી સ્વયંભૂરમણ સમુદ્રમાં મહામત્સ્ય થયો ત્યાં પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેણે ઘણા દિવસો સુધી જીવોનું ભક્ષણ કરી ફરીથી સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું અને તે આયુષ્ય પૂર્ણ થતાં ફરીથી તે જ નરકમાં ગયો. તેના દુઃખોનું વર્ણન ઉપર કરવામાં આવી ગયું છે.

ત્યાં પહેલાની જેમ દુઃખનો અનુભવ કરીને નીકળ્યો અને ભવસમુદ્રમાં–સર્વ દુઃખોના કારણરૂપ ત્રસ–સ્થાવર યોનિઓમાં દીર્ઘકાળ સુધી ભ્રમણ કરીને આ અકૃતપુણ્ય થયો છે.

જુઓ! અકૃતપુણ્યે પૂર્વજન્મમાં માયાચાર વડે પાપનું ઉપાર્જન કર્યું હતું તેના ભીષણ ફળમાં તેને નરકની દારુણ યાતના ભોગવવી પડી. આમ વિચારીને બુદ્ધિમાનોએ પાપકર્મથી આત્માનું રક્ષણ કરવું જોઇએ અને વ્રત સંયમાદિ ધારણ કરવા જોઇએ કે જેથી સુખ મળી શકે એ જ કહેવાનો સાર છે.

ધર્મ અધર્મનું નિરૂપણ કરનાર જિનેન્દ્ર ભગવાન, તેના ફળને પ્રાપ્ત કરનાર નિરુપમ સિદ્ધ ભગવાન, પાવન ધર્મનો ઉપદેશ આપનાર આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, આ સર્વ મને પોતાના ગુણોનો લાભ આપે, કેમ કે ત્રણ ભુવનના રાજા મહારાજા એમની જ સ્તુતિ કરે છે માટે એ જ સ્તવનને યોગ્ય છે.

આ પ્રમાણે શ્રી સકલકીર્તિ મુનિરાજ રચિત ધન્યકુમાર-ચરિત્રમાં અકૃતપુણ્યના પૂર્વભવોનું વર્ણન કરનાર ત્રીજો અધિકાર પૂર્ણ થયો. ૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ચોથો અધિકાર

## અકૃતપુણ્યના દાનનું વર્ણન

जिनान्धर्माधिपान्वन्दे सिद्धान्धर्मफलाङ्कितान् ।
सूरींश्च पाठकान्साधून्धर्मान्धर्मप्रवर्तकान् ।।

એક દિવસે દરિદ્રી અને દીન અકૃતપુણ્ય સુકૃતપુણ્યના ચણાના ખેતરે પહોંચી ગયો અને નોકરની જેમ સુકૃતપુણ્યને કહેવા લાગ્યો, 'સુકૃતપુણ્ય! જુઓ, આ બધા માણસો તમારા ખેતરમાંથી ચણા ખેંચવાનું કામ કરે છે, હું પણ જો તેમની જેમ ચણા ઉખાડવાનું કામ કરું તો શું મને કાંઈ આપશો?'

તેના દીનતા ભરેલા વચનો સાંભળીને સુકૃતપુણ્ય વિચારવા લાગ્યો, અરે! આ સંસારમાં જીવોના કર્મની વિચિત્રતા કેવી છે! જે એક સમયે માલિક હોય છે તે તો નોકર બની જાય છે અને જે નોકર હોય છે તે શેઠ બની જાય છે. અરે! આના પિતાની કૃપાથી જ હું ધનવાન અને આ ગામનો માલિક બની ગયો છું. આ એનો જ પુત્ર છે જેની આજે આવી દશા છે! કર્મોનો સતાવેલો એ આજે મારી યાચના કરી રહ્યો છે.

આ દુષ્ટ દૈવને ધિક્કાર છે કે જે સમયમાત્રમાં ઊલટાનું સીધું અને સીધાનું ઊલટું કરી નાખે છે અથવા કહો કે પાપના ઉદયથી ધનવાન દરિદ્રી બની જાય છે અને પુણ્યના ઉદયથી નિર્ધન ધનવાન બની જાય છે.

આમ વિચારીને જે નિર્ધન છે તેમણે ધનપ્રાપ્તિ માટે પુણ્ય ઉપાર્જન કરવું જોઈએ અને જે ધનિક છે તેણે પોતાના વૈભવની વૃદ્ધિ માટે સર્વ પાપ કર્મ છોડવા જોઈએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુકૃતપુણ્યે તેની દીન દશા જોઈને તે જ વખતે તેને ધન-ભરેલો સુવર્ણકળશ આપ્યો પરંતુ અકૃતપુણ્યના પાપકર્મ એટલા પ્રચંડ હતા કે હાથમાં આવતાં જ તે તેને અંગારાની જેમ દઝાડવા લાગ્યો. તે જોઈને અકૃતપુણ્ય બોલ્યો, 'કેમ ભાઈ! બધાને તો તમે ચણા આપો છો અને મને આ અંગારા! આમ શા માટે? ત્યારે સુકૃતપુણ્ય સમજી ગયો કે હજી આને દારુણ પાપનો ઉદય છે. શું કરવું?

તેણે કહ્યું: 'ભાઈ! મારા અંગારા તું મને આપી દે અને જેટલા ચણા તું ઉપાડી શકે તેટલા ગાંસડી બાંધીને ખેતરમાંથી લઈ જા.' તેના કહેવા પ્રમાણે અકૃતપુણ્ય જેટલા ચણા પોતાનાથી ઊંચકી શકાય તેટલા ગાંસડીમાં બાંધી માથે મૂકીને ઘેર ચાલ્યો આવ્યો.

ચણા જોઈ ને તેની માતાએ પૂછ્યું કે આ ચણા તું ક્યાંથી લાવ્યો? ઉત્તરમાં અકૃતપુણ્યે કહ્યું: કે માતા! હું સુકૃતપુણ્યના ખેતરે ગયો હતો અને ત્યાંથી આ ચણા લાવ્યો છું. એ સાંભળીને માતાને ખૂબ જ દુઃખ થયું અને તે કહેવા લાગી—

અરેરે! જે પહેલાં મારો નોકર હતો, તેને ત્યાં પાપનાં ઉદયથી મારા પુત્રને નોકરી કરવી પડી. જ્યાં પહેલાં જાતજાતના સુખ ભોગવ્યા હોય ત્યાં નોકરની જેમ કામ કરવું તે બુદ્ધિમાનો માટે ઉચિત નથી. મારી હાલત પણ બરાબર આવી જ છે. ધન, સત્તા વગેરે બધું ચાલ્યું ગયું છે અને ગરીબી સામે મોઢું ફાડી રહી છે. માટે ક્યાંક બીજે જ જવું જોઈએ, પછી ભલે ત્યાં દુઃખ હોય કે સુખ હોય. પાપ અને પુણ્યનું ફળ ભોગવ્યા વિના તો છૂટતું નથી.

આમ વિચારીને અકૃતપુણ્યની માતાએ ચણાનું ભાતું બનાવ્યું અને પુત્રને સાથે લઈને ક્યાંક બીજે જવા માટે પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં તે અવંતી દેશની અંદર આવેલા સીસવાક નામના ગામમાં પહોંચી. પુત્રનો માર્ગનો શ્રમ દૂર કરવા માટે તે ગામના સ્વામીના ઘરના આંગણામાં બેઠી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વામિનું નામ બલભદ્ર હતું. તેને જોઈ બલભદ્રે પૂછયું, 'માતા! તમે કયાંથી આવો છો? અને અહીંથી કયાં જવાના છો? તમારો પ્રવાસ શા માટે છે? આટલું પૂછવા છતાં બિચારી લજ્જાવશ તે કાંઈ જવાબ ન આપી શકી. બલભદ્રે તેને ખૂબ આગ્રહ કરીને પૂછયું ત્યારે તે બોલી—'ભાઈ! પાપના ઉદયથી જીવોને દુઃખ ભોગવવું પડે છે. હું દુર્દૈવથી મગધ દેશમાંથી અહીં આવી છું અને જયાં મારી આજીવિકા ચાલે ત્યાં જવા માંગું છું.

આ સાંભળીને બળભદ્રે કહ્યું: 'જો તારી ઇચ્છા હોય તો અહીં જ રહે અને મારા ઘરમાં રસોઈ બનાવ. તારો પુત્ર મારી ગાયના બચ્ચાઓને વનમાં ચરાવવા લઈ જશે. હું તમારા માટે યોગ્ય વસ્ત્ર–ભોજનનો પ્રબંધ કરીશ.'

તેણે બળભદ્રના કથનનો સ્વીકાર કર્યો. બળભદ્રે તેને રહેવા માટે પોતાના ઘરની પાસે જ એક નાની ઝૂંપડી બનાવી આપી. માતા અને પુત્ર ત્યાં જ રહીને તેમની નોકરી કરવા લાગ્યા અને બળભદ્રે આપેલા ભોજન, વસ્ત્રાદિથી પોતાનો નિર્વાહ કરવા લાગ્યા.

બળભદ્રને સાત પુત્રો હતા. તેમના સવારના ભોજન માટે હમેશાં ખીરનું ભોજન બનતું. તેમને ખીર ખાતા જોઈને અકૃતપુણ્ય પણ પોતાની માતાને રોજ ખીર બનાવવા કહેતો.

માતાએ તેને કહ્યું—બેટા! તને ખબર નથી કે પુણ્ય વિના આવું ઉત્તમ ભોજન મળી શકતું નથી. તેં પરભવમાં કે અહીં પણ કાંઈ પુણ્ય ઉપાર્જ્યું નથી. હવે તું જ મને કહે કે હું તને કયાંથી ખીરનું ભોજન આપી શકું? જો, ઉત્તમ ભોજન, ઉત્તમ વસ્ત્ર, ધન, ધાન્ય અને સુખ એ બધું ધર્મ કર્યા વિના કદી મળતા નથી.

આ પ્રમાણે તેને તેની માતાએ ઘણો સમજાવ્યો તો પણ તે કર્તવ્ય અકર્તવ્ય સમજી શકયો નહિ. એટલે જ તે પ્રતિદિન ખીરની માગણી કરતો અને તે ન મળવાથી રોવા માંડતો. તેને રોતો જોઈને બળભદ્રના પાપી પુત્રો બિચારાને થપ્પડો મારતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પ્રમાણે મારતાં મારતાં એક દિવસ તેને વધારે ઘા વાગી ગયો અને તેનું મોઢું સૂઝીને વિકૃત થઈ ગયું.

અકૃતપુણ્યની આવી હાલત જોઈને બળભદ્રે તેને પૂછયું, 'આ મોઢું કેમ સૂઝી ગયું છે?' તેણે ઉત્તર આપ્યો કે 'માલિક! હું ખાવા માટે રોજ ખીરની માગણી કરતો હતો, પરંતુ મારા પાપનો ઉદય હતો એટલે ખીર કેવી રીતે મળી શકે? તેના બદલામાં આપના પુત્રોએ મારી આ દશા કરી છે.'

આ સાંભળીને બળભદ્રને ખૂબ જ દયા આવી એટલે તેણે અકૃતપુણ્યની માતાને કહી દીધું કે તું મારા ઘેરથી દૂધ, ઘી, ચોખા, સાકર લઈ જજે અને ખીર બનાવીને તારા પુત્રને ખવરાવીને તેની અભિલાષા પૂરી કરજે.

બળભદ્રના કહેવા પ્રમાણે તે ચોખા વગેરે પોતાના ઘરે લાવી અને પુત્રને કહ્યું : 'આજ હું તને ખીર ખાવા આપીશ, માટે આજે તું ઘેર જલ્દી આવતો રહેજે.'

અકૃતપુણ્યે માતાને કહ્યું : કે 'ભલે, જેમ તું કહે છે તેમ કરીશ.' ગાયના બચ્ચાઓને લઈને તે આનંદથી વનમાં ચાલ્યો ગયો.

તેની માતાએ તેના માટે ખીર બનાવી, મધ્યાહ્ન થતાં થતાં અકૃતપુણ્ય પણ ઘેર આવી ગયો. તેને ત્યાં જ બેસાડીને પુત્રને એમ કહેતી પાણી ભરવા ચાલી ગઈ કે બેટા! જો કોઈ સાધુ આપણા ઘેર આવી ચડે તો તેમને અહીંથી જવા ન દેતો. તેમને દાન આપીને પછી આપણે ખાઈશું. દાન પુણ્યપ્રાપ્તિનું કારણ છે. જો! ઉત્તમ પાત્રને દાન આપવાથી આપણને જન્મોજન્મ આવું જ ઉત્તમ ભોજન મળશે અને બધી વાતનું સુખ પણ મળશે.

ઉત્તમ દાન આપવાથી જ ગૃહસ્થાશ્રમ સફળ થાય છે, બન્ને લોકમાં સુયશ ફેલાય છે, પુણ્યકર્મનો બંધ થાય છે. દાન આપનારને ઉત્તમ સુખસંપત્તિ મળે છે. જેઓ ઉત્તમપાત્રને દાન આપતા નથી તેમનો ગૃહસ્થાશ્રમ પથ્થરની નૌકા સમાન છે, પાપનું કારણ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અશુભ છે અને દુર્ગતિ આપે છે. જો! આપણે પહેલાં દાન આપ્યું નથી માટે જ આજે દારિદ્રયનું દુઃખ સહેવું પડે છે અને તેથી જ આપણને ઉત્તમ ભોજન મળતું નથી. માટે દાન જરૂર આપવું જોઈએ. તેથી આપણો ગૃહસ્થાશ્રમ અને જીવન સફળ થશે, સાથે ઉત્તમ પુણ્ય અને લક્ષ્મીની પ્રાપ્તિ પણ થશે.

એવામાં પુણ્યના ઉદયથી બાહ્યાભ્યંતર પરિગ્રહરહિત, સમ્યગ્‌દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રરૂપ અમૂલ્ય રત્નત્રયના આધાર, દાતાને સુખ આપવા માટે કલ્પવૃક્ષસમાન, તપશ્ચરણથી ક્ષીણ બનેલા શરીરવાળા, ગુણરાશિ, સંસારી જીવોનું હિત કરવાને સદા ઉત્સુક, અંગપૂર્વરૂપ સમુદ્રના પારગામી, ઇર્યાપથરૂપ ઉત્તમ નેત્રના ધારક, સર્વ વસ્તુઓ પ્રત્યે ઉદાસીન, ઊંચ નીચનો વિચાર ન કરનાર, ધર્મના ઉપદેશક, ઈન્દ્ર, ધરણેન્દ્ર, રાજા–મહારાજા અને ભવ્ય પુરુષો દ્વારા વંદનીય, લાભ–અલાભ, સુખ–દુઃખાદિમાં સમદર્શી, જિતેન્દ્રિય, શાંતમૂર્તિ, પરમ કારુણિક, દિશારૂપ વસ્ત્રના ધારક, અનેક ઋદ્ધિઓથી વિભૂષિત, સર્વોત્કૃષ્ટ મહાપાત્ર, સુવ્રત મુનિરાજને એક મહિનાના ઉપવાસના પારણાના દિવસે શરીર સ્થિતિ માટે બળભદ્રના ઘર તરફ આવતા પાસે જ જોઈને અકૃતપુણ્ય શુદ્ધ મનથી વિચારવા લાગ્યો.

અહો! આ બહુ મોટા સાધુ છે. જુઓ! એમની પાસે વસ્ત્રાદિ કાંઈ પણ નથી. એ મારા મહાન પુણ્યથી પધાર્યા છે. એમને હું જવા નહિ દઉં. આમ વિચારીને સરળ અકૃતપુણ્ય પુણ્યથી પ્રેરાઈને ઝટ તેમની સામે જઈને ઉભો રહ્યો અને વંદન કરીને બોલ્યો—

'પૂજ્ય! મારી બાએ બહુ જ સરસ ખીર બનાવી છે તે આપના ભોજન માટે આપીશ. મારી પ્રાર્થના છે કે આપ અહીં જ રોકાવ. એટલામાં મારી બા પણ પાણી ભરીને આવી જ જશે. મુનિરાજે તેને એમ સમજાવ્યું કે અમારો એ માર્ગ નથી. તે ધીમે ધીમે માર્ગ પર ચાલવા લાગ્યા એટલે તે પણ તેમની આગળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જઈ ને જોરથી કહેવા લાગ્યો, 'તાત ! મારા ઉપર દયા કરીને થોડીવાર ઉભા રહો, અહીંથી ન જાવ, બહુ જ સરસ ખીર બની છે. આપ બતાવો કે આપનું એમાં શું નુકશાન છે ?

આટલી પ્રાર્થના કરવા છતાં પણ જ્યારે મુનિરાજ ન રોકાયા ત્યારે અકૃતપુણ્ય તેમના પગ પકડીને બોલ્યો, 'જુઓ ! હવે તો મેં મારા હાથ વડે આપને ખૂબ મજબૂત પકડી રાખ્યા છે. જોઉં છું આપ કેમ જાવ છો ? મહારાજ ! આપ મહાદુર્લભ છો.'

આખરે મુનિવરના દિલમાં પણ કાંઈક કરુણા આવી તેઓ તેને ખેદ ન થાય માટે થોડીવાર મૌનપણે ત્યાં જ ઉભા રહ્યા. સાચું જ છે ને કે સાધુ પુરુષો તો બધા ઉપર દયાભાવ રાખે છે ?

એવામાં શુભોદયથી તેની માતા પણ પાણી ભરીને આવી પહોંચી. મુનિરાજને જોઈને તેને બહુ જ આનંદ થયો જેમ દુર્લભ ધન અનાયાસે મળી જાય અને આનંદ થાય છે તેમ.

શિર પરથી ઘડો જમીન ઉપર મૂકીને મુનિરાજના ચરણોમાં નમસ્કાર કર્યા અને પ્રભો ! તિષ્ઠ ! તિષ્ઠ ! તિષ્ઠ ! કહીને સ્વામીનું પડગાહન કર્યું. પછી તેમને ઘરમાં લઈ જઈને તેમને બિરાજવા માટે ઊંચું આસાન આપ્યું. જગદ્ગુરુને તેના ઉપર બેસાડીને ગરમ જળથી તેમના ચરણકમળને ધોયા અને તે ચરણ ધોયેલું પવિત્ર જળ પોતાના કપાળે લગાડી તેમની પૂજા કરી.

પછી પ્રણામ કરીને મન, વચન, કાયાની શુદ્ધિથી અકૃતપુણ્યની માતાએ પુત્રની સાથે ઘણું મોટું પુણ્ય ઉપાર્જન કર્યું, કારણ કે આ નવધાભક્તિ પુણ્યપ્રાપ્તિનો હેતુ છે. પછી શ્રદ્ધા, શક્તિ, નિર્લોભતા, ભક્તિ, જ્ઞાન, દયા અને ક્ષમા આ સાત ગુણ સહિત તે ઉત્તમપાત્ર મુનિરાજને મધુર, પ્રાશુક, નિર્દોષ, તૃપ્તિકર અને તપવર્દ્ધક ખીરનો આહાર આપવા લાગી.

મુનિરાજને આહાર કરતા જોઈને અકૃતપુણ્ય ખૂબ આનંદ પામ્યો. તેનાથી તેને મહાન્ પુણ્યનો બંધ થયો. તે વિચારવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાગ્યો— અહો ! આજ હું કૃતાર્થ થયો, હું ધન્ય બન્યો. હું ખૂબ સુખી થયો. આજે હું મહાદાતા કહેવાયો. મારો જન્મ સફળ થયો. મારો ગૃહસ્થાશ્રમ પણ આજે જ સફળ થયો. આજે મને ઘણું પુણ્ય મળશે અને એનાથી સ્વર્ગાદિ સુખ પણ મળશે.

જુઓને ! આજે હું કેટલો ભાગ્યશાળી છું કે દેવ, મહારાજા, વિદ્યાધરાદિથી પૂજ્ય અને વંદ્ય એવા મહાપાત્ર મારા ઘરમાં ભોજન કરી રહ્યા છે, આવી પવિત્ર ભાવનાઓથી શુદ્ધ હૃદયવાળા અકૃતપુણ્યે પોતાના સરળ ભાવોદ્વારા મહાન પુણ્યની પ્રાપ્તિ કરી લીધી કે જે સ્વર્ગાદિ સુખનું કારણ છે.

જિતેન્દ્રિય યોગીરાજે પણ ઉભા ઉભા શાંત ભાવથી સ્વાદ આદિનો વિચાર ન કરતાં હાથમાં ભોજન લઈને દાતાને પાવન કર્યા અને બાદમાં તેમને શુભાશીર્વાદ આપી પોતે ધ્યાન અધ્યયન માટે વનમાં વિહાર કરી ગયા.

મુનિરાજ અક્ષીણમહાનસ ઋદ્ધિથી વિભૂષિત હતા. શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ છે કે, જે દાતાને ઉક્ત ઋદ્ધિધારક સાધુઓનું આહારદાન થાય છે તે દિવસે તેને ત્યાં ભોજન સામગ્રી ઓછી થતી નથી, તેનાથી ચક્રવર્તીનું સૈન્ય પણ પૂર્ણ ભોજન કરી શકે છે. અકૃતપુણ્યને ત્યાં ઋદ્ધિધારી મુનિરાજનું ભોજન થયું એટલે તેને ત્યાં પણ ભોજન સામગ્રી અક્ષય બની ગઈ.

જ્યારે મુનિરાજ આહાર કરીને ચાલ્યા ગયા ત્યારે અકૃત–પુણ્યની માતાએ પોતાના પુત્રને ઈચ્છિત ભોજન કરાવ્યું અને પોતે પણ જમી. પરંતુ જોયું તો ભોજનની સામગ્રી એટલી ને એટલી જ રહી. તેથી તેણે પોતાના માલિક બળભદ્રને સપરિવાર ભોજન માટે નિમંત્રણ આપ્યું અને તેમને ધરાઈને જમાડ્યા. તોપણ ભોજન સામગ્રી ઓછી ન થઈ એટલે આખા ગામના માણસોને ભોજન કરાવી દીધું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે મહાદાનથી માતા અને પુત્રની ખૂબજ પ્રસિદ્ધિ થઈ ગઈ. બધા તેમને માન આપવા લાગ્યા, તેમની કીર્તિ ચંદ્રની પેઠે નિર્મળ-પણે ફેલાઈ ગઈ.

કુમાર! સાંભળો—આ દાન જ દુર્ગતિનો નાશક છે. હિતકારી છે માટે બુદ્ધિમાનોએ દાન દેવામાં કદી રકઝક કરવી ન જોઈએ. દાન વડે જ ગૃહસ્થપણું ગુણવાન કહેવાય છે. બુદ્ધિમાન લોકો દાનનો પુરુષાર્થ હમેશાં કરે છે, દાન સિવાય બીજું કોઈ ઉત્તમ સુખ આપનાર પણ નથી. સમજણા જ દાન દેવાને યોગ્ય છે. દાન જ દાતાનું મન પોતા તરફ ખેંચે છે. માટે કહેવાનું એ છે કે બધાએ દાન જરૂર આપવું જોઈએ.

ત્રણે કાળના તત્ત્વનું વિવેચન કરનાર ધર્મના અધિષ્ઠાતા જિનેન્દ્રદેવ, અનંત, નિરુપમ અને લોકાગ્રવાસી સિદ્ધભગવાન, મહા તપસ્વી પંચાચારના પાળનાર આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ સર્વને હું નમસ્કાર કરું છું. તેઓ પોતાના ગુણો મને અર્પણ કરો.

આ પ્રમાણે સકલકીર્તિ મુનિરાજ રચિત ધન્યકુમાર ચરિત્રમાં અકૃતપુણ્યના દાનનું વર્ણન કરનાર ચોથો અધિકાર સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પાંચમો અધિકાર

## [ ધન્યકુમારના જન્માન્તરનું વર્ણન ]

**दक्चिद्वृत्तपोधर्मानर्घ्यरत्नमहान्सताम् ।**
**त्रिजगत्स्वामिवन्द्याङ्घ्रीनत्रन्देऽहं परमेष्ठिनः ॥**

બીજે દિવસે અકૃતપુણ્ય વધેલી ખીર ખાઈને ગાયના બચ્ચાને ચરાવવા માટે વનમાં ચાલ્યો ગયો. ગરિષ્ટ આહાર કરવાથી તેને ઊંઘ આવવા લાગી એટલે એક વૃક્ષ નીચે જઈને ગાઢ નિદ્રામાં પડી ગયો.

આ તરફ વાછરડા તેને ન જોવાથી સ્વયં ઘેર આવી ગયા. અકૃતપુણ્યની માતા વાછરડાઓને જોઈને વિચારવા લાગી કે શું કારણ બન્યું છે કે વાછરડા તો પાછા આવી ગયા અને પુત્ર ન આવ્યો? પુત્રની ચિંતાથી દુઃખી થઈને તે રોવા લાગી. (તેણે બળભદ્રને પોતાના પુત્રની શોધ કરવા માટે વિનંતિ કરી.)

મૃષ્ટદાનાના આગ્રહથી બળભદ્ર પોતાના નોકરોને સાથે લઈને તેને ગોતવા નીકળ્યો. આ તરફ જ્યારે અકૃતપુણ્યની ઊંઘ ઉડી ત્યારે તેણે જોયું કે વાછરડા નહોતા. તે ખૂબ વ્યાકુળ બનીને ઘર તરફ જવા લાગ્યો. તેણે સામેથી બળભદ્રને આવતો જોઈને તે ડરનો માર્યો એક પર્વત પર ચઢી ગયો. બળભદ્ર તેને ન જોવાથી ઘેર પાછો આવતો રહ્યો. અકૃતપુણ્ય ત્યાં જ ગુફાની બહાર ઉભો રહી ગયો.

તે જ ગુફામાં શ્રીસુવ્રત મુનિરાજ તેમની વંદના માટે આવેલા શ્રાવકોને વ્રતનું સ્વરૂપ, ભેદ અને ફળ સંભળાવી રહ્યા હતા જેથી તેમને ધર્મનો લાભ થાય. બહાર બેસીને અકૃતપુણ્ય પણ શ્રદ્ધાપૂર્વક તે સાંભળતો હતો. તેનો સાર એ હતો—

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ વૃક્ષોની દ્રઢતાનું કારણ તેનું મૂળ છે તેમ બધા વ્રત અને ધર્મનું મૂળ ઉત્તમસમ્યગ્દર્શન છે અને તે જ ત્રણ લોકમાં પૂજ્ય છે. સાત તત્ત્વ, નવ પદાર્થ, દેવગુરુશાસ્ત્રની શંકાદિ દોષ રહિત શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. સાત વ્યસન મહાપાપના કારણરૂપ નરકમાં લઈ જાય છે માટે બુદ્ધિમાનોએ પહેલાં એમનો પરિત્યાગ કરવો જોઈએ.

મદ્ય, માંસ, મધ અને પાંચ ઉદુંબર ફળના ત્યાગને આઠ મૂળગુણ કહે છે. આ મૂળગુણનું પાલન કરવામાં આવે અને સાતેય વ્યસનનો ત્યાગ કરવામાં આવે એ જ બધા વ્રતોનું મૂળ દર્શન પ્રતિમા છે.

પાંચ અણુવ્રત, ચાર શિક્ષાવ્રત અને ત્રણ ગુણવ્રતને બાર વ્રત કહે છે. તેમાં વિકલત્રય (બેઇંદ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય) તથા પંચેન્દ્રિયોની જે વ્રતી પુરુષ મન, વચન, કાયાથી વ્રતલાભ માટે રક્ષા કરે છે, તે પહેલું અહિંસાણુવ્રત છે. આ વ્રત સર્વ ધર્મ અને વ્રતનું બીજ ગણાય છે. જુઓ! જિન ભગવાને જેટલા વ્રત, સમિતિ વગેરેના પાલનનો ઉપદેશ ગૃહસ્થ તથા સાધુઓને આપ્યો છે તે ફક્ત આ જ એક અહિંસા વ્રત માટે છે.

હિતરૂપ, પરિમિત, મધુર, ધર્મ સંબંધી, સંદેહરહિત, સર્વ જીવોને સુખનું કારણ, કોમળ, બીજાઓની નિંદારહિત અને વિશ્વાસ યોગ્ય સત્ય વચન બોલવું; તેને સત્યાણુવ્રત કહે છે. આ વ્રત પણ વિદ્યા, કીર્તિ અને પુણ્યનું કારણ છે.

રસ્તામાં પડેલી, ભૂલાયેલી, ખોવાયેલી અને ક્યાંક રાખેલી બીજાઓની વસ્તુને ન લેવી, તેને અચૌર્યાણુવ્રત કહે છે. જેમ કાળા સર્પને પકડવામાં ભય રહેલો છે એવી જ રીતે ધર્મની રક્ષા માટે પાપથી ડરનાર પુરુષોએ તેનાથી (ચોરીથી) ડરવું જોઈએ, કેમ કે એનાથી બીજા લોકોને ખૂબ જ દુઃખ થાય છે. આ વ્રતનું ફળ સુખોપભોગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ હૃદય, સુશીલ અને પોતાની જ સ્ત્રીમાં સંતોષ રાખનાર મહાત્માઓએ પોતાના શીલવ્રતની રક્ષા માટે આખા સંસારની સ્ત્રીઓને માતા અને પુત્રીની જેમ જોવી જોઈએ, એ જ ત્રિલોક-પૂજ્ય ચોથું બ્રહ્મચર્યાણુવ્રત છે.

બુદ્ધિમાનોએ લોભ કષાય ઘટાડવા માટે ધન-ધાન્ય, સોનું વગેરે દસ પ્રકારના બાહ્ય પરિગ્રહનું પરિમાણ કરવું જોઈએ કેમ કે એનાથી તૃષ્ણા દિનપ્રતિદિન વધતી જાય છે અને ચિંતા તથા દુઃખ થાય છે. આને પરિગ્રહપ્રમાણ નામનું પાંચમું અણુવ્રત કહે છે,

દયા તથા સંતોષ માટે યોજનાદિના પ્રમાણથી દસ દિશાઓમાં જવાની મર્યાદા કરવી તેને દિગ્વિરતિવ્રત કહે છે.

જે પ્રયોજન રહિત હિંસાદિ પાપ કરવામાં આવે છે તેના ત્યાગને અનર્થદંડવિરતિવ્રત કહે છે. અનર્થદંડ કેવળ પાપનું કારણ છે, એના પાંચ ભેદ છે – પાપોપદેશ, હિંસાદાન, ખરાબ ચિંતવન, મિથ્યા શાસ્ત્રો સાંભળવા અને પ્રમાદચર્યા.

અનંતકાય કંદમૂળાદિ, સજીવ ફળ, પુષ્પાદિ અને અથાણા એ બધી નિંદ્ય વસ્તુઓ છે માટે બુદ્ધિમાનોએ તેમનો ત્યાગ કરવો જોઈએ. એક જ વખત સુખના કારણ એવા અન્ન, પાનાદિ યોગ્ય વસ્તુઓનો અને વારંવાર ઉપભોગમાં આવનાર વસ્ત્ર, સ્ત્રી વગેરે ઉપભોગ્ય વસ્તુઓનો ઈન્દ્રિયરૂપ ચોરોના વેગને, શાંતિ માટે જે નિયમ કરવો તેને ભોગોપભોગ પરિમાણ નામનું વ્રત કહે છે. આ વ્રત સર્વ સુખ સામગ્રીનું સ્થાન છે. શહેર, ગલી, ગામ આદિ દ્વારા પ્રતિદિન દિશાઓમાં ગમન કરવાની સંખ્યાનો નિયમ કરવો તેને દેશાવકાશિકશિક્ષાવ્રત કહે છે.

આર્ત્ત અને રૌદ્રાદિ દુર્ધ્યાનના ત્યાગપૂર્વક શાંતભાવથી પ્રાતઃ કાળ, મધ્યાહ્ન કાળ અને સાયંકાળે મન, વચન, કાયાની શુદ્ધિ દ્વારા અર્હંત, સિદ્ધ, જિનવચન, જિનધર્મ અને સાધુઓની વંદના કરવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેને સામાયિક વ્રત કહે છે. આ વ્રત ધર્મનું સ્થાન અને પાપનો નિર્મૂળ નાશ કરનાર છે.

આઠમ અને ચૌદસને દિવસે ઘરના બધા આરંભ છોડીને અને ગુરુ પાસે ઉપવાસનો નિયમ કરીને ધર્મધ્યાનમાં સમય વીતાવવો તેને પ્રોષધોપવાસ શિક્ષાવ્રત કહે છે. એનું ફળ સ્વર્ગાદિ સુખ સામગ્રીની પ્રાપ્તિ છે.

નિયમપૂર્વક પ્રતિદિન પાત્રદાન માટે ઘરના દ્વાર પર ઉભા રહીને નિરીક્ષણ કરવું અને સાક્ષાત્પાત્ર મળતાં ભક્તિ સહિત દાન આપવું એ વૈયાવૃત્ય શિક્ષાવ્રત છે.

એનાથી પોતાનું અને બીજાઓનું હિત થાય છે અને એ જ બધા સુખનું પણ કારણ છે. આ બાર વ્રતોનું નિરતિચાર જીવન-પર્યંત પાલન કરવું જોઈએ અને અંત સમયે મોહ, પરિગ્રહાદિનો પરિત્યાગ કરી જિનદીક્ષા ગ્રહણ કરવી જોઈએ.

જ્યારે આયુષ્યના અંતનું પૂરે પૂરું જ્ઞાન થાય ત્યારે તપ, ઉપવાસાદિ દ્વારા બન્ને પ્રકારની સંલેખના કરવી યોગ્ય છે કેમ કે એના દ્વારા સર્વ વ્રતાદિ સાર્થક થઈને સ્વર્ગ અને મુક્તિ-સુખનાં કારણ બને છે. આ જ બાર વ્રતના પાલનને બીજી પ્રતિમા કહે છે. ત્રીજી સામાયિક પ્રતિમા છે અને ચોથી પ્રોષધોપવાસ પ્રતિમા છે. અપ્રાસુક અને સજીવ વલ્કલ, બીજ, ફળ, પત્ર, જળ વગેરે સહિત વસ્તુઓના કરુણાબુદ્ધિથી ત્યાગને પાંચમી સચિત્તત્યાગપ્રતિમા કહે છે. જિન ભગવાને એને સર્વ જીવની હિતકારક કહી છે.

ખાદ્ય, સ્વાદ્ય આદિ ચાર પ્રકારના આહારનો રાત્રે પરિત્યાગ કરવો જેથી જીવ હિંસા ન થવા પામે અને દિવસે બ્રહ્મચર્ય વ્રત પાળવું (પોતાની સ્ત્રી સાથે પણ દિવસે વિષય સેવન ન કરવું) એ છઠ્ઠી રાત્રિભુક્તિત્યાગ પ્રતિમાનું લક્ષણ છે. આ પ્રતિમાનું ફળ અર્ધા ઉપવાસ બરાબર છે.

જે વિરક્ત મહાત્મા પુરુષ એમ સમજીને કે સ્ત્રીઓ મળથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભરેલા કળશ સમાન અપવિત્ર છે માટે તેમને દૂરથી જ છોડીને સર્વથા બ્રહ્મચર્યનું પાલન કરે છે એ સાતમી બ્રહ્મચર્ય પ્રતિમા માનવામાં આવી છે. આ પ્રતિમા બધા સુખોની ખાણ છે અને પરંપરાએ મોક્ષસુખનું સાધન છે.

જે પાપથી ડરીને સર્વ પ્રકારના ઘર, વ્યાપાર અને કૃષિ આદિ આરંભનો પોતાના હિત માટે મન, વચન, કાયાથી પરિત્યાગ કરવો તેને આઠમી આરંભત્યાગ પ્રતિમા કહેવામાં આવે છે. એનાથી સર્વ પાપાસ્રવનો નિરોધ થઈને સુખ મળે છે.

જે સંતોષરૂપ અનુપમ ખડ્ગદ્વારા મૂર્છાનો ત્યાગ કરીને ત્રિશુદ્ધિપૂર્વક વસ્ત્ર સિવાયના સર્વ પરિગ્રહનો ત્યાગ કરી દે છે તેને નવમી પરિગ્રહત્યાગપ્રતિમા કહે છે. તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ઉત્તમ રત્નોની ખાણ છે.

મોક્ષસુખના ઇચ્છક પુરુષો વિવાહ, ખાનપાનાદિ જેટલા પાપના અને જીવોની હિંસાના કારણ ગૃહકાર્ય છે તેમાં મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક સંમતિ (સલાહ) આપવાનો ત્યાગ કરે છે તેને અનુમતિ–વિરતિ નામની દશમી પ્રતિમા કહે છે. જિનેન્દ્રે એને સર્વ સુખોની જનની કહી છે.

જે ખંડ વસ્ત્રના ધારક કેવળ પોતાની શરીરસ્થિતિ માટે કૃત, કારિત અને અનુમોદના રહિત નિર્દોષ ભિક્ષાવૃત્તિ બીજાને ત્યાં કરવા જાય છે (તે ફક્ત એવી જ ઇચ્છાથી કે તપશ્ચરણ નિર્વિઘ્નપણે સાધી શકાય) તેને ઉદ્દિષ્ટત્યાગ નામની અગિયારમી પ્રતિમા કહે છે. આ પ્રતિમા ત્રણ લોકમાં પૂજ્ય

જે શ્રાવકો આ અગિયાર પ્રતિમ[illegible] પાલન સંસારથી ઉદાસીન થવા માટે કરે છે તેઓ વચન અગોચર સોળ સ્વર્ગ સુધીના સુખોપભોગ કરીને અથવા ચક્રવર્તી આદિની લક્ષ્મીના સ્વામી થઈને અંતે નિયમથી મોક્ષ પામે છે.

જ્યારે અકૃતપુણ્યે આ વ્રતોનું સ્વરૂપ આદરપૂર્વક સાંભળ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે તેને એમાં ખૂબ જ શ્રદ્ધા અને ભાવના ઉત્પન્ન થઈ. અહો ! આ વ્રતો ખૂબ જ ઉત્તમ અને સર્વ સુખો આપનાર છે. મને પણ જીવનમાં એનો લાભ મળે તો કેવું સારું થાય? અકૃતપુણ્યને વ્રતાદિની ભાવનારૂપ ઉત્તમ પરિણામો દ્વારા જે શુભકર્મનો બંધ થયો, તેને સ્વર્ગસુખનું સાધન કહેવું.

જ્યારે મુનિરાજનો ઉપદેશ પૂરો થયો ત્યારે બધા શ્રાવકો તેમને નમસ્કાર કરીને અને "णमो अरिहंताणं" આ મંત્રરાજનું ઉચ્ચારણ કરતાં કરતાં પર્વતની ગુફામાંથી બહાર નીકળ્યા.

અકૃતપુણ્ય પણ મંત્રરાજનું ધ્યાન કરતો કરતો તે લોકોની પાછળ પાછળ જવા લાગ્યો. એવામાં તેના પૂર્વ જન્મના પ્રબળ પાપના ઉદયથી તેને એક ભૂખ્યા વાઘે આવીને પકડયો અને ખાઈ ગયો. અકૃતપુણ્યે મંત્રનું સ્મરણ કરતાં સમાધિ પૂર્વક દેહત્યાગ કર્યો.

તેણે જે પાત્રદાન આદિ શુભ કર્મો દ્વારા પુણ્ય ઉપાર્જન કર્યું હતું તે આ વખતે કામમાં આવ્યું. તેને સૌધર્મ સ્વર્ગમાં મહર્ષિક દેવનું સ્થાન મળ્યું.

જુઓ! અકૃતપુણ્યનો ભાગ્યોદય! કયાં તેનો પ્રબળ પાપનો ઉદય અને કયાં દુર્લભ પાત્રદાન? વ્રત પ્રત્યે શુભ ભાવના અને નિધિની પેઠે દુર્લભ મંત્રરાજની અંતસમયમાં પ્રાપ્તિ. જે સ્વર્ગનું પ્રધાન કારણ મનાય છે. અથવા એમ કહો કે જ્યારે શુભ કે અશુભ જેવી ગતિ થવાની હોય છે ત્યારે તે જ પ્રકારની સામગ્રી પણ મળી જાય છે.

પેલી તરફ અકૃતપુણ્યની માતા મોહનો વશ થઈને સવારમાં જ બળભદ્રને સાથે લઈને તેને શોધવા નીકળી અને ધીરે ધીરે તે જ પર્વત ઉપર જઈ પહોંચી. ત્યાં જઈને તેણે જોયું કે પ્યારા પુત્રનું અર્ધું ખાધેલું કલેવર પડયું છે. તે જોતાં જ તેની જે દશા થઈ તે અવર્ણનીય હતી. તેનાથી શોકનો વેગ રોકાયો નહિ, તે કાતર અવાજે મુક્તકંઠે રોવા લાગી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં અકૃતપુણ્ય દિવ્ય ઉપપાદ શૈયામાં જન્મ લઈને એક મુહૂર્તમાં પૂર્ણ યૌવનમય સુંદર દેવ થઈ ગયો. તે સૂતેલાની જેમ ઉપપાદ શૈયામાંથી ઉઠ્યો અને સ્વર્ગની મહાન સંપત્તિ, દેવીઓ અને સામે નમ્રતાથી ઉભેલા દેવો તથા રત્નોના બનેલા ઉત્તમ મહેલો ઇત્યાદિ વૈભવ જોઈને વિચારવા લાગ્યો—અરે! હું કોણ છું? આ સુખમય સ્થાન કોનું છે? આ દિવ્ય દેહવાળા કોણ છે? આ સુંદરીઓ કોની છે? આ મહેલાદિ બધી વિભૂતિ કોની છે? એવો મારો કયો ભાગ્યોદય થયો કે મને આવા સુસ્થાનમાં લાવવામાં આવ્યો?

આટલો વિચાર કરતાં જ તેને અવધિજ્ઞાન થઈ ગયું જેનાથી પૂર્વજન્મની બધી વાતો જાણી શકાય છે. તેના દ્વારા તેને સમજાયું કે આ બધો મહિમા તેના દાનાદિના ફળનો છે.

તેને ખબર પડી કે મારી માતા રડી રહી છે તે પહેલાં ધર્મલાભ માટે જિનમંદિરમાં ગયો અને ત્યાં ઉત્તમ દ્રવ્યોથી તથા ગીત, વાદિત્રાદિથી જિનેન્દ્રદેવની મહાપૂજા કરી જે પુણ્યોપાર્જનનું કારણ છે. પછી સ્વર્ગીય વૈભવનો સ્વીકાર કરીને વિમાનમાં બેઠો અને માતાને સમજાવવા માટે પૃથ્વી ઉપર આવ્યો. તેને શોકથી દુઃખી જાણીને બોલ્યો — ‘માતા! તને ખબર નથી કે હું તારો પુત્ર છું પરંતુ પાત્રદાન અને વ્રતાદિની શુભ ભાવનાના ફળથી તથા ણમોકાર મંત્ર જપવાથી મને સ્વર્ગમાં દેવપદ મળ્યું છે. માટે હવે તું વ્યર્થ શા માટે રુએ છે? એનાથી તો ઊલટો પાપનો બંધ થાય છે.

જો! સ્વર્ગ ખૂબ જ સારું સ્થાન છે, તેમાં સદા સુખ રહે છે. અહીં ઉત્તમોત્તમ વૈભવ છે, દુઃખનું નામ પણ નથી. એ વૈભવનું વર્ણન તને પણ કંઈક સંભળાવું. સંખ્યાત અને અસંખ્યાત યોજન પહોળા પંચવર્ણના વિમાન છે. તેમાં મણિમય જિનાલય, મહેલ અને પર્વત બનેલા છે. ઇચ્છાનુસાર દૂધ આપનારી ગાયો છે, કલ્પવૃક્ષ છે અને રત્નશ્રેષ્ઠ ચિંતામણિ રત્નો છે, લાવણ્યરસની ખાણ સમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનેક સુંદર દેવીઓ છે. એમ જ સમજ કે ઉત્તમ ઉત્તમ જેટલી સુખની સામગ્રી છે તે બધી એક જ સ્થળે એકઠી કરવામાં આવી છે.

અહીં દુઃખી, દીન, રોગી, મૂર્ખ, નિસ્તેજ, કુરુપ અને દરિદ્રી તો સ્વપ્નમાં પણ દેખાતા નથી. ન દુઃખદાયક ઋતુઓ છે, ન શીત છે, ન ઉષ્ણ છે, રાત્રિ–દિવસનો ભેદ પણ નથી. ટૂંકમાં એટલું કહી દઉં કે અહીં એવી કોઈ વસ્તુ નથી જે દુઃખજનક હોય. પરંતુ સદા સુખજનક સામ્યકાળ રહે છે, તેનું વર્ણન કરવાનું કામ કવિઓને માટે પણ મુશ્કેલ છે. આવા સુખદાયક સૌધર્મ સ્વર્ગમાં મેં પૂર્વના પુણ્યથી જન્મ લીધો છે. જો હું એમ કહું કે હું સુખ-સમુદ્રમાં નિવાસ કરું છું તોપણ તેને અત્યુક્તિ કહેવાય નહિ. માટે હે માતા! હવે તમે શોક છોડો, મોહરૂપ શત્રુનો નાશ કરો અને દેવદુર્લભ સંયમ અંગીકાર કરો તો ઘણું સારું થાય.

આ પ્રમાણે માતાને સમજાવીને તે દેવ પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો અને સુખમાં રહેવા લાગ્યો.

મૃષ્ટદાના પોતાના ભૂતપૂર્વ પુત્રના વચનો સાંભળીને ખૂબ આશ્ચર્ય પામી. તેણે હૃદયમાંથી શોક દૂર કર્યો અને વિરક્ત થઈને વિચાર કરવા લાગી. જુઓ! કેવી નવાઈની વાત છે કે થોડા જ દાનાદિ શુભ કર્મ કરવાથી આજે મારો પુત્ર કેટલા વૈભવનો ભોક્તા થયો છે? તો એવો કયો બુદ્ધિમાન છે જે વ્રતાદિ શુભ આચરણો દ્વારા આવા કામોમાં પ્રવૃત્ત ન થાય? કારણ કે વારંવાર માનવ જન્મ મળવો મુશ્કેલ છે.

આમ વિચાર કરતાં મૃષ્ટદાનાએ ઘરની બધી જંજાળ છોડી દીધી અને એ જ વખતે પોતાના કલ્યાણ માટે જિનેશ્વરી દીક્ષા અંગીકાર કરી.

બિચારી મૃષ્ટદાના હતી તો સ્રી જ ને? તેને એકાએક જ્ઞાન ક્યાંથી થાય? એ જ કારણે તેણે કાંઈ વિચાર કર્યા વિના અજ્ઞાનથી એવું નિદાન કર્યું કે અન્ય જન્મમાં પણ મારો પ્રેમપાત્ર પુત્ર થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પછી તે શક્તિ અનુસાર જીવનપર્યંત તપશ્ચરણ કરવા લાગી. અંતે આયુષ્યનો ભાગ પૂર્ણ થતાં તે જ સ્વર્ગમાં દેવી થઈ.

બળભદ્રે પણ દેવને જોઈને સમજી લીધું કે આ બધું ધર્મનું ફળ છે. તેથી તે પણ કુટુંબાદિને છોડીને દીક્ષિત થઈ ગયો અને અંતે સમાધિપૂર્વક જીવન પૂરું કરીને તપશ્ચરણના પ્રભાવથી તે જ સ્થાનમાં દેવ થયો.

મુનિરાજ ધન્યકુમારને કહે છે—કુમાર! તે જ બળભદ્ર સૌધર્મ સ્વર્ગમાં ઘણા સમય સુધી સુખ ભોગવીને અંતે ત્યાંથી નીકળીને તમારા પિતા ધનપાળ થયા છે, મૃષ્ટદાનાનો જીવ તમારી માતા છે માટે જ તેનો તમારા ઉપર ખૂબ પ્રેમ છે અને જે ભૂતપૂર્વ અકૃતપુણ્યનો જીવ દેવ થયો હતો તે જ તમે છો.

સ્વર્ગમાં તમે ઘણો કાળ ઉત્તમ સુખ ભોગવ્યા છે અને પોતાની દેવીઓ સાથે જિનપૂજાદિ શુભકાર્ય પણ ઘણા કર્યા છે એ જ કારણે તમને અહીં પણ એ જ અપૂર્વ સુખ મળે છે. બળભદ્રના જે દુષ્ટ સાત પુત્રો હતા તે એ જ દેવદત્ત વગેરે સાત ભાઈ છે જે પૂર્વના સંબંધથી તમારા તરફ ઈર્ષા રાખે છે, તમને મારવા ઇચ્છે છે. તમને જ ડગલે ને પગલે ખજાના મળે છે અને વિઘ્નો દૂર થાય છે એ બધું પાત્રદાનનું ફળ છે. બસ આ જ તમારા જીવનો સાર છે.

કુમાર! એ તો તમે સારી રીતે જાણી લીધું કે તમને જે આ પૂર્ણ લક્ષ્મી અને સૌન્દર્યની પ્રાપ્તિ થઈ છે તે ફક્ત પૂર્વ જન્મના સુપાત્ર દાન, વ્રતમાં ઉત્તમ ભાવના અને અર્હંતભગવાનના નામસ્મરણનું ફળ છે, માટે તમારે હજી પણ ધર્મનું સેવન કરવું ઉચિત છે. જુઓ! આ જ ધર્મ તમને ઈષ્ટ પ્રાપ્તિ કરાવશે.

અંતે કહેવાનું એ છે કે જ્યાં સુધી તમે સંસારમાં રહો ત્યાં સુધી ધર્મને ભૂલો નહિ, ધર્મનો આશ્રય લ્યો, ધર્મનો અપૂર્વ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાર ધર્મદ્વારા સમજો. ધર્મની અભિવંદના કરો, ધર્મ સિવાય બીજા કોઈની સેવા ન કરો. ધર્મનું મૂળ દયા છે તે સદા યાદ રાખો, ધર્મમાં નિશ્ચલ રહો અને ધર્મને જ પ્રાર્થો કે હે ધર્મ! તું મારું રક્ષણ કર.

એ પ્રમાણે શ્રી સકળકીર્તિ મુનિરાજ રચિત
ધન્યકુમાર ચરિત્રમાં ધન્યકુમારના જન્માન્તરનું
વર્ણન કરનાર પાંચમો અધિકાર પૂર્ણ થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# છઠ્ઠો અધિકાર

## [ ધન્યકુમારના રાજ્ય લાભનું વર્ણન ]

**त्रिजगन्नाथनाथेभ्यो गरिष्टेभ्यो महागुणैः ।**
**परमेष्ठिभ्यः आत्माप्त्यै विश्वार्च्येभ्यो नमोऽन्वहम् ॥**

ધન્યકુમાર મુનિરાજરૂપી ચંદ્રમા દ્વારા ઉત્પન્ન જન્મ, જરા અને મૃત્યુનો નાશ કરનાર તથા શિવસુખનું કારણ એવા ધર્મામૃતનું પાન કરીને બહુ જ સંતોષ પામ્યો અને પોતાની બુદ્ધિ ધર્મમાં દૃઢ કરી.

પછી મુનિરાજને નમસ્કાર કરી રાજગૃહ જવા રવાના થયો. ધીરે ધીરે ત્યાં પહોંચતાં શહેરની બહાર તેણે એક બગીચો જોયો. રસ્તાનો થાક દૂર કરવાના અભિપ્રાયથી તે તેની અંદર ગયો. જઈને જોયું કે આખોય બગીચો સૂકાઈ ગયો છે. અહીં પ્રસંગાનુસાર બગીચાના સંબંધવાળી કથા લખવામાં આવે છે.

આ બગીચાના માલિકનું નામ કુસુમદત્ત હતું. તેનો જન્મ વૈશ્ય કુળમાં થયો હતો. એ રાજ્યનું કામ કરનારા બધા લોકોનો સ્વામિ હતો. તેને બધા માન આપતા હતા. જ્યારે તેણે જોયું કે આખોય બગીચો સૂકાઈ ગયો છે એટલે તેને કાપી નાખવાની ઇચ્છા કરી. પરંતુ એક દિવસે તેને અવધિજ્ઞાની મુનિરાજના દર્શન થઈ ગયા. કુસુમદત્તે તેમને નમસ્કાર કરીને પૂછ્યું— સ્વામિ! મારો બાગ સૂકાઈ ગયો છે, તે કદી ફળશે કે નહિ? મુનિરાજે ઉત્તર આપ્યો, વૈશ્યવર! કોઈ પુણ્યાત્મા મહાપુરુષ બીજા દેશમાંથી આવીને આ બાગમાં પ્રવેશ કરશે ત્યારે એ ફરીથી ફળ-ફૂલથી સમૃદ્ધ થશે.

કુસુમદત્ત મુનિરાજના કહેવા પ્રમાણે શ્રદ્ધા રાખીને ત્યારથી બાગ ખીલવાની રાહ જોવા લાગ્યો. આજે ધન્યકુમારનો તેમાં પ્રવેશ થતાં જ સૂકાઈ ગયેલા સરોવરો નિર્મળ જળથી ભરાઈ ગયાં અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વૃક્ષો ફળ ફૂલોથી લચી પડ્યાં. સાચું છે કે પુણ્યના પ્રભાવથી બધું થઈ શકે છે.

ધન્યકુમાર ત્યાં જ જિનભગવાનનું ધ્યાન કરીને અને સરોવરનું નિર્મળ જળ પીને કોઈ વૃક્ષ નીચે બેસી ગયો.

જ્યારે આ સમાચાર કુસુમદત્ત સાંભળ્યા ત્યારે તેને તરત જ મુનિરાજના વચનો યાદ આવી ગયા. તે મુનિરાજના ચરણોના પરોક્ષ નમસ્કાર કરીને બાગમાં આવ્યો અને કુમારને બેઠેલો જોઈને તેને નમસ્કાર કરીને પૂછ્યું—બુદ્ધિમાન! શું મને કેટલીક બાબતો જણાવીને કૃતાર્થ કરશો? આપ કોણ છો? કયા સુકુળમાં આપનો જન્મ થયો છે? આપ ક્યાંથી અહીં પધારી રહ્યા છો?

કુમારે કહ્યું—હું વૈશ્યપુત્ર છું. બીજા દેશોમાં ફરતો ફરતો અહીં આવી પહોંચ્યો છું. હું જૈનધર્મી છું.

કુસુમદત્તે કહ્યું—જો એમ હોય તો હું પણ જૈન છું. આપનો અને મારો ધાર્મિક સંબંધ છે તેથી અમારા આતિથ્યનો સ્વીકાર કરો.

ધન્યકુમારે એ વાત માન્ય રાખી. પછી કુસુમદત્ત ધન્યકુમારને ખૂબ સત્કારપૂર્વક ઘરે લઈ આવ્યો અને પોતાની સ્ત્રીને તેની પ્રેમ અને ભક્તિપૂર્વક સેવા કરવાની આજ્ઞા કરી. તેણે કહ્યું: કે આ મારી બેનનો પુત્ર છે માટે એનો અતિથિ સત્કાર સારી રીતે થવો જોઈએ. કુસુમદત્તની સ્ત્રી સમજી કે આ પુરુષ મારો ભાવી જમાઈ થશે તેથી ધન્યકુમારને સ્નાન, ભોજન વગેરે ખૂબ પ્રેમથી કરાવ્યા.

કુસુમદત્તને એક સુંદર કન્યા હતી. તેનું નામ પુષ્પાવતી હતું. તે ધન્યકુમારનું સૌન્દર્ય જોઈને તેના ઉપર મોહિત થઈ ગઈ. બીજે દિવસે તેણે વિચાર કર્યો કે જોઉં તો ખરી એ કેટલો બુદ્ધિશાળી છે? તેના વિજ્ઞાનાદિ ગુણની પરીક્ષા કરવા માટે તેણે ધન્યકુમારની પાસે કેટલાક ફૂલ અને દોરો મૂકી દીધો. કુમાર બુદ્ધિશાળી તો હતો જ એટલે તેણે ચતુરાઈથી તે ફૂલોની બહુ જ સુંદર એક માળા ગૂંથી દીધી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે સમયે રાજગૃહના સ્વામી શ્રેણિક મહારાજ હતા. તેમને ચેલના નામની પત્ની અને ગુણવતી નામની પુત્રી હતી. પુષ્પાવતી તે જ રાજકુમારી માટે દરરોજ ફૂલોની માળા બનાવીને લઈ જતી હતી પરંતુ આજે તે ધન્યકુમારની બનાવેલી માળા લઈને ગઈ.

તેને જોઈને રાજકુમારીએ કહ્યું, ‘પુષ્પાવતી! આટલા દિવસોથી તું મારે ઘરે કેમ નથી આવતી?’ તેણે જવાબ આપ્યો, ‘બેન! શું કરું? મારે ઘેર પિતાજીની બહેનનો પુત્ર આવ્યો છે એટલે એની સેવામાં જ લાગી રહુ છું, એ જ મારા ન આવવાનું કારણ છે.

જ્યારે રાજકુમારીની નજર તે માળા ઉપર પડી ત્યારે તેણે પુષ્પાવતીને પૂછ્યું, આજે તો માળા બહુ સુંદર દેખાય છે. કહે જોઈએ એ કોણે ગૂંથી છે? પુષ્પાવતીએ કહ્યું–આ એ જ ચતુર ભાગ્યશાળીનું કામ છે. આ સાંભળીને રાજકુમારી જરા હસીને બોલી, તું તો ખૂબ ભાગ્યશાળી છે કે તને આવા ઉત્તમ વરની પ્રાપ્તિ થશે.

એક દિવસ ધન્યકુમાર બજારમાં જતો હતો. ચાલતા ચાલતા પોતાની ઇચ્છાથી જ કોઈ શેઠની દુકાને બેસી ગયો. તે જ વખતે શેઠને વ્યાપારમાં સારો ફાયદો થયો, તેણે આનું કારણ પોતાને ત્યાં બેઠેલા પુણ્યાત્મા ધન્યકુમારને માનીને કહ્યું—‘મિત્ર! મારે એક સુંદર પુત્રી છે, તેના વિવાહ હું તમારી સાથે જ કરીશ. બરાબર છે – ધર્માત્માઓને ધર્મદ્વારા સર્વત્ર લાભ જ થયા કરે છે.

બીજે દિવસે ધન્યકુમાર શાળિભદ્ર શેઠની દુકાને જઈને બેઠા અને તેમને પણ વ્યાપારમાં ફાયદો થયો. તેમણે આનું કારણ ધન્યકુમારને જ માનીને કહ્યું-ભદ્ર! સુભદ્રા નામે એક મારી બેનની પુત્રી છે, તેના વિવાહ તમારી સાથે કરવામાં આવશે.

ત્યાં જ એક રાજશ્રેષ્ઠી રહેતો હતો. તેનું નામ શ્રીકીર્તિ હતું. એક દિવસ તેણે આખા શહેરમાં એવો ઢંઢેરો પિટાવ્યો કે જે વૈશ્યપુત્ર ત્રણ દમડી દ્વારા એક જ દિવસમાં એક હજાર દીનાર પેદા કરશે તેની સાથે હું મારી ધનવતી નામની પુત્રીના વિવાહ કરીશ.”

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઢંઢેરો સાંભળતાં જ ધન્યકુમારે તેની પાસેથી ત્રણ દમડી લઈ લીધી. તેના વડે તેણે માળા લટકાવવાનું ઘાસ ખરીદ્યું અને તે માળીને આપીને બદલામાં કેટલાક રંગીન ફૂલો તેની પાસેથી લીધા. તે ફૂલોની પોતાના જ હાથે બહુ જ સુંદર સુંદર માળાઓ બનાવી અને તે માળાઓ વનમાં ખેલવા જતાં રાજકુમારોને બતાવી, માળાઓ જોઈને રાજકુમારોએ જ્યારે માળાઓનું મૂલ્ય પૂછ્યું તો ધન્યકુમારે તેની કીંમત એક હજાર દીનાર કહી. જ્યારે પુણ્યનો ઉદય થાય ત્યારે કયાંય ને કયાંયથી પોતાની ઇચ્છાનુસારનું કારણ પણ જરૂર મળી જાય છે. ધન્યકુમારને માટે પણ બરાબર એમ જ બન્યું. તે રાજકુમારોએ એક હજાર દીનાર આપીને તે બધી માળાઓ ખરીદી લીધી.

ધન્યકુમારે દીનાર લઈને શેઠને જઈને આપી દીધી. શેઠે પોતાનું વચન પૂર્ણ કરવા માટે ધન્યકુમારની સાથે પોતાની પુત્રીના વિવાહ કરી દીધા.

આમ બુદ્ધિમાન ધન્યકુમારની ખૂબ પ્રશંસા સાંભળીને તથા ગુપ્ત-પણે તેનું રૂપ જોઈને રાજકુમારી ગુણવતી તેના ઉપર પૂરેપૂરી ઓવારી ગઈ. દિન પ્રતિદિન તેની ચિંતાથી તેનું શરીર પણ સૂકાવા લાગ્યું.

એક દિવસ ધન્યકુમાર મંત્રી આદિ મોટા મોટા લોકોના પુત્રો સાથે પત્તાની રમત રમતો હતો. તેણે તે બધાને વાતવાતમાં જીતીને તેમનું અભિમાન ટાળી નાખ્યું. ત્યાં જ શ્રેણિક મહારાજાનો પુત્ર અભયકુમાર પણ બેઠો હતો. તેને પોતાની ચતુરાઈના ખૂબ ઘમંડ હતો. તેની સાથે બીજા કેટલાક પણ ધનુર્ધારી યોદ્ધાઓ હતા. તે ધન્યકુમાર સાથે બાણ દ્વારા લક્ષ્યવેધ કરવા બાબત વિવાદ કરવા લાગ્યા. છેવટે ચંદ્રકયંત્રને વીંધવાનું નકકી કરવામાં આવ્યું. જો કે તેનો વેધ કરવાનું કામ દરેક માટે સરળ હોતું નથી તોપણ કુમારે પુણ્યના પ્રભાવથી તેને વીંધીને જોતજોતામાં રાજકુમારને હરાવી દીધો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ અપમાન તેનાથી સહન ન થયું એટલે બધા મળીને તેના પ્રત્યે વેર રાખવા લાગ્યા. અને કોઈ પણ ઉપાયે તેને મારી નાખવાની યોજના કરવા લાગ્યા. બિચારો કુમાર ધર્માત્મા અને સરળ હૃદયનો હતો તેને આ લોકોના કપટભાવની ખબર નહોતી.

પેલી તરફ શ્રેણિકને જ્યારે પોતાની પુત્રી દિવસે દિવસે ગળતી જતી હોવાનું કારણ જાણવામાં આવ્યું એટલે વિચાર કરીને તેણે પોતાના પુત્ર વગેરેને કહ્યું— જુઓ! આ કુમાર રૂપાળો અને ગુણવાન છે. તેની સાથે ગુણવતીના વિવાહ કરવા યોગ્ય છે કે કેમ? ત્યારે તેમનાથી અભયકુમાર આગળ આવીને ઈર્ષ્યાથી કહેવા લાગ્યો– તે વિદેશી છે, તેના કુળ અને જાતિની કશી ખબર નથી. કોણ જાણે તે સારો છે કે ખરાબ? એટલે મારી સમજણ પ્રમાણે તેને કન્યા આપવી એ સર્વથા અયોગ્ય છે.

અભયકુમારનું કહેવું સાંભળીને શ્રેણિકે ખૂલ્લા શબ્દોમાં કહ્યું:— જુઓ! ગુણવતીના હૃદયમાં તો તેના પ્રત્યે પ્રેમ છે અને તેથી જ તે દિવસે દિવસે કામાગ્નિથી જળી રહી છે. જો આવી સ્થિતિમાં તેના વિવાહ કરવામાં ન આવે તો તેના જીવનનો ઉપાય શો?

અભયકુમારથી આખરે ન રહેવાયું એટલે એણે સાફસાફ કહી જ દીધું— પિતાજી! એનો એ ઉપાય હોઈ શકે કે જ્યાંસુધી તે જીવતો હશે ત્યાં સુધી જ ગુણવતીનું કામજનિત દુઃખ વધશે. તેથી આ સાંભળીને શ્રેણિકે ઘૃણાથી કહ્યું:— તે બિચારો નિર્દોષ છે, તેને હું કેવી રીતે મરાવી શકું? એ ન્યાય નથી પણ અન્યાય છે.

અભયકુમારે ફરીથી કહ્યું— ઠીક, આપ કાંઈ ન કરો. અમે જ એને મારવાનો કોઈ ઉપાય કરીને તેનું અભિમાન ટાળી દેશું.

ત્યારે શ્રેણિકે પુત્રને સમજાવવા માટે પૂછ્યું કે એવો કયો ઉપાય છે કે જેથી તેને તમે મારી શકશો?

રાજકુમારે ઉત્તર આપ્યો— શહેરની બહાર રાક્ષસોનું એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્થાન છે. પહેલાં તેમાં કેટલાય લોકો રાક્ષસના હાથે માર્યા ગયા છે એટલે શહેરભરમાં એક એવો ઢંઢેરો પિટાવવો કે "જે ધીર, પુણ્યવાન આ સ્થાનમાં જશે તેને અર્ધું રાજ્ય અને રાજાની પુત્રી આપવામાં આવશે." આ ઢંઢેરો સાંભળીને તે નક્કી અભિમાનમાં આવી તે મકાનમાં જશે અને ત્યાં માર્યો જશે.

પુત્રના કહેવા પ્રમાણે શ્રેણિકે ઢંઢેરો પિટાવ્યો. ધન્યકુમારે તે સાંભળ્યો. પછી ભલા તેને તે મકાનમાં ગયા વિના કેવી રીતે ચેન પડે? ઘણા લોકોએ તેને મના કરી. પરંતુ તેણે કોઈનું ન સાંભળ્યું. અને બપોરના સમયે ખેલતો ખેલતો સ્હેલાઈથી જાણે કે પોતાના જ ઘરમાં જતો હોય તેમ નિડર થઈને તે રાક્ષસ ભવનમાં ચાલ્યો ગયો.

ધન્યકુમારને જોતાં જ રાક્ષસ ઊલટો શાંત થઈ ગયો. તેણે સામે આવીને તેને નમસ્કાર કર્યા. પછી સત્કારપૂર્વક તેને એક સુંદર આસન ઉપર બેસાડીને વિનયથી કહ્યું—વિભો! આપ મને આપનો સેવક સમજો. મેં અત્યાર સુધી ખજાનચી થઈને આપના આવડા મોટા મકાનનું અને ધનનું રક્ષણ કર્યું છે. હવે આપ આવી ગયા છો તો આપનું ધન સંભાળી લ્યો. આ આપના જ પુણ્યની કમાણી છે. એમ કહીને બધું ધન ધન્યકુમારને સોંપી દીધું. જ્યારે આપ મને યાદ કરશો ત્યારે હું હાજર થઈશ, હું આપનો દાસ છું એટલું કહીને તે અદૃશ્ય થઈ ગયો.

ધન્યકુમારે શુભ ધ્યાનપૂર્વક ત્યાં જ રાત્રિ પસાર કરી. ખરું કહ્યું છે—પુણ્યવાનોને બધે લાભ જ મળ્યા કરે છે. પેલી તરફ જ્યારે તે કન્યાઓને સમાચાર મળ્યા કે ધન્યકુમાર રાક્ષસભવનમાં ગયો છે તો બધાએ મળીને એવી દૃઢ પ્રતિજ્ઞા લીધી કે જે ગતિ ધન્યકુમારની થશે અમને પણ મંજુર છે.

રાત્રિ પૂરી થઈ. સવારનો પ્રકાશ ચમકવા લાગ્યો. એવામાં ધન્યકુમાર પણ પ્રાતઃકાલીન સામાયિકાદિ ક્રિયા કરીને બહુ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદપૂર્વક મકાનની બહાર નીકળીને શહેર તરફ જવા લાગ્યો. તેને ધન સહિત શહેર તરફ આવતો જોઈને રાજા વગેરેને ખૂબ જ આશ્ચર્ય થયું. તેઓ પોતાના મનમાં વિચારવા લાગ્યા કે આ સામાન્ય માણસ નથી પરંતુ નરકેસરી છે, એને કોઈ જીતી શકે તેમ નથી. આ ઘણો મોટો પુણ્યવાન પુરુષ છે.

આમ સમજીને શ્રેણિક અને અભયકુમાર વગેરે અર્ધે દૂર સુધી તેની સામે આવ્યા અને તેને ખૂબ સન્માનપૂર્વક લઇ આવ્યા. પછી રાજમહેલમાં લઈ જઈને વસ્ત્રાભૂષણોથી તેનો સત્કાર કર્યો અને પૂછયું—પ્રેમપાત્ર! કહો તો તમે કયાં ઉત્તમ કુળરૂપ આકાશના ચંદ્રમા છો અને એકલા જ શા કારણે અહીં આવ્યા છો?

ઉત્તરમાં ધન્યકુમારે કહ્યું – હું ઉજ્જયિનીમાં રહું છું, વૈશ્યકુળમાં મારો જન્મ થયો છે. હું અહીં તીર્થયાત્રા કરતા કરતા આવી ગયો છું. આ સાંભળીને શ્રેણિક ખૂબ આનંદ પામ્યો અને એ જ સમયે ખૂબ ધન ખર્ચીને પોતાના જ મકાનમાં વિવાહમંડપ તૈયાર કરાવ્યો અને ઘણા જ સમારંભ સાથે ગુણવતી વગેરે સોળ કન્યાઓના ધન્યકુમારની સાથે વિધિપૂર્વક વિવાહ કરી આનંદથી તેને પોતાનું અર્ધું રાજ્ય આપી દીધું. ધન્યકુમારને મનુષ્ય, દેવ સૌ કોઈ માન આપવા લાગ્યા.

કેટલાક દિવસો પછી ધન્યકુમારે વૈશ્ય આદિ બધી જાતિના લોકો સહિત એક સુંદર નગર વસાવ્યું અને ત્યાંનો રાજા પણ તે જ થયો. મહાન મહાન રાજપુત્રો તેના ચરણોની સેવા કરવા લાગ્યા.

ધન્યકુમાર સુખેથી રાજ્ય પાલન કરવા લાગ્યો. કુમાર સમયે સમયે જિનધર્મની ખૂબ પ્રભાવના કરતા રહેતા હતા. આ પ્રમાણે ધન્યકુમારના દર્શન ઉજ્જયિનીમાં રાજા, મંત્રી વગેરે બધાને ખૂબ જ આનંદદાયક લાગતા હતા. પરંતુ દુઃખની વાત એ હતી કે તેના

ધ. ૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માતા પિતા તો હ્રદયની અંદર જ તેના વિયોગની આગમાં બળી રહ્યા હતા.

હવે ધન્યકુમારના માતાપિતાની હાલત વિષે સાંભળો–જ્યારે ધન્યકુમાર ત્યાંથી ચાલ્યો ગયો તે જ દિવસે ઘરના રક્ષક દેવોએ તેના માતા, પિતા અને ભાઈઓને ઘરમાંથી બહાર કાઢી મૂકયા. તે બધા ત્યાંથી નીકળીને પાછા પોતાના જૂના ઘરમાં આવ્યા. એ સમયે તેમની હાલત બહુ જ ખરાબ હતી. દેવાગ્નિથી બળી ગયેલા વૃક્ષ જેવી તેમની દશા લાગતી હતી. તે તીવ્ર શોકથી પીડિત અને દુઃખના માર્યા વિમૂઢ બની ગયા હતા.

તે વખતે શહેરના લોકો ખૂબ જ આશ્ચર્યથી પરસ્પર વાતો કરતા કે જુઓ! આ લોકો કેટલા નિર્દય અને પાપી છે, એમનું હ્રદય વજ્રની પેઠે અત્યંત કઠોર છે કે આવો સુપુત્ર ચાલ્યો જવા છતાં પણ હજી સુધી જીવી રહ્યા છે અથવા એમ કહો કે દુઃખી મનુષ્યો પાસે મૃત્યુ પણ ફરકતું નથી કારણ કે તેમના ઘણા આકરા કર્મોનો ઉદય રહ્યા કરતો હોય છે.

તે લોકોના અન્યાયથી થોડા જ દિવસોમાં તેમની પાસે જેટલું પહેલાનું અને નવું મળેલું ધન હતું તે બધું જતું રહ્યું અને કુપુત્રોના તીવ્ર પાપથી તેમની દશા એટલી બધી ખરાબ થઈ ગઈ કે પેટ ભરવાના પણ સાંસા પડવા લાગ્યા.

એટલે ધનપાળ કોઈ કામનું બહાનું કાઢી રાજગૃહ નિવાસી પોતાની બહેનના પુત્ર શાલિભદ્ર પાસે ગયો. કહેવું જોઈએ કે હવે પાછું એનું ભાગ્ય પલટાયું. ત્યાં જઈને ધન્યકુમારના મકાનની નીચે બેસીને લોકોને શાલિભદ્રના મહાન વિષે પૂછવા લાગ્યો. મકાનની ઉપર જ ધન્યકુમાર બેઠો હતો. તેણે જોઈને તરત જ તેમને ઓળખી લીધા કે આ મારા પિતા છે. તે એકદમ નીચે ઉતર્યો અને પાસે આવીને તેમના ચરણોમાં ઢળી પડયો. બિચારા પિતાજીએ એ વખતે ફાટેલા વસ્ત્ર પહેર્યા હતા, ગરીબ જેવા લાગતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતા. પોતે શેઠ હોવા છતાં ગરીબમાં અને તેનામાં કાંઈ તફાવત નહોતો.

રાજ્ય કર્મચારીઓ અને નગરજનો આ ઘટના જોઈને ખૂબ આશ્ચર્ય પામ્યા. ધનપાળ આ ઘટના જોઇને બોલ્યો, મહારાજ! તમે પુણ્યશાળી છો, તમારો અખંડ પ્રતાપ છે માટે સુખેથી ઘણો કાળ પૃથ્વીનું પાલન કરો. હું એક દરિદ્રી વૈશ્ય છું અને તમે પૃથ્વીપતિ છો તેથી ઊલટા મારે નમસ્કાર કરવા જોઇએ તમારે નહિ.

આ સાંભળીને ધન્યકુમાર બોલ્યો– આપ જ નમસ્કારને પાત્ર છો કારણ કે આપ મારા પૂજ્ય પિતાજી છો અને હું આપનો નાનો પુત્ર છું. આ સાંભળતાં જ ધનપાળની આંખોમાંથી આનંદના આંસૂ ખરવા લાગ્યા. પુત્રને ગળે વળગાડીને તે રોવા લાગ્યો. ધન્યકુમારની પણ તે જ દશા હતી. તેમને મંત્રી વગેરેએ ઘણું સમજાવ્યા તોપણ પ્રેમના આંસુનો વેગ તેમનાથી રોકી શકાયો નહિ. પછી તેમને રાજમહેલમાં લઈ ગયા.

ધન્યકુમારે પિતાનાં વસ્ત્રાભરણ, ભોજનાદિ વડે સેવા કરીને ભાઇઓનું ચારિત્ર, પોતાના અહીં આવવાના સમાચાર અને રાજ્ય મળવા આદિની બધી કથા તેમને કહી સંભળાવી. ત્યાર પછી પોતાની માતા અને ભાઈઓની કુશળતાના સમાચાર પૂછયા.

જવાબમાં ધનપાળે કહ્યું કે તેઓ ખૂબજ કમનસીબ છે. અત્યારે તેમનું જીવન ખૂબજ ખરાબ દશામાં છે. પાછા જૂના જ ઘરમાં રહે છે, પાસે બિલ્કુલ પૈસા નથી કે જેથી તેમનો નિર્વાહ ચાલી શકે. જયારે તું ત્યાંથી આવતો રહ્યો તે જ દિવસે ઘરના રક્ષક દેવોએ અમને ત્યાંથી કાઢી મૂકયા હતા. એટલે ફરીથી જૂના ઘરનો આશરો લેવો પડયો. અમારામાં એક તું જ પુણ્યવાન હતો એટલે તારા ગયા પછી તરત જ બધું ધન પણ તારી સાથે જ વિદાય થઈ ગયું. આજે હું મને ઘણો ભાગ્યશાળી માનું છું કે ઘણા દિવસો પછી પાછો તને જોઇ શકયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પિતાના વચન સાંભળતાં જ ધન્યકુમારે પોતાના નોકરોને ખૂબ વસ્ત્ર આદિ આપીને માતા, ભાઈ વગેરેને લઈ આવવા માટે મોકલ્યા.

જ્યારે પ્રભાવતી આદિને ધન્યકુમારના સમાચાર મળ્યા ત્યારે તેમને ખૂબ જ આનંદ થયો. તે બધા તે જ વખતે વાહનોમાં બેસીને રાજગૃહ આવ્યા. તેમના આવવાના સમાચાર સાંભળીને કુમાર પોતાની સાથે બીજા પણ કેટલાક રાજાઓને લઈને ભક્તિપૂર્વક તેમને લઈ આવવા માટે અર્ધે દૂર સુધી સામે આવ્યો.

રસ્તામાં પોતાની માતાને આવતી જોઈને બહુ જ વિનયપૂર્વક ધન્યકુમારે મસ્તક નમાવીને નમસ્કાર કર્યા. માતા પણ પુત્રને જોતાં જ ખૂબ જ આનંદ પામી અને તેને ગળે વળગાડીને શુભાશીર્વાદ આપવા લાગી. ભાઈઓ ધન્યકુમારને જોઈને હૃદયમાં બહુ જ શરમાયા. તેની સામે મોઢું ઊંચું કરીને જોવાનું પણ તેમનાથી મુશ્કેલ બની ગયું. ધન્યકુમારે તેમની આવી દશા જોઈને કહ્યું–ભાઈઓ! એ આપની જ દયા છે કે મને આટલી રાજ્યવિભૂતિ મળી છે. આપ સૌ શંકા છોડો અને હૃદયનો સંકોચ દૂર કરીને શુદ્ધચિત્ત બનો. કેમ કે કર્મના ઉદયથી સારું–નરસું તો થયા જ કરે છે.

ધન્યકુમારની સરળતા જોઈને તેમણે તેની ખૂબ પ્રશંસા કરી અને પોતાના અપરાધની ક્ષમા માગીને પોતાને ધિક્કારવા લાગ્યા. પછી ધન્યકુમાર પોતાના કુટુંબીઓને લઈને બહુ જ ઠાઠમાઠથી શહેરમાં ફરીને પોતાના મકાનમાં આવ્યો. ત્યાં તેમને સૌને સ્નાન ભોજન કરાવીને વસ્ત્ર આભૂષણ વગેરેથી તેમનો ખૂબ જ સત્કાર કરવામાં આવ્યો.

પછી ધન્યકુમારે ગૃહસ્થ ધર્મના નિર્વાહ માટે તેમને સુવર્ણ, રત્ન, વાહન અને ગ્રામ આદિ બધી યોગ્ય વસ્તુઓ ખુશીથી ભેટ આપી કે જેથી તેઓ પોતાનો નિર્વાહ કરી શકે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપસંહાર—

રાજ્યાદિ વૈભવ મળવો, દેવો અને મનુષ્યો દ્વારા સત્કાર થવો અને સગાઓની સાથે સુખના કારણરૂપ ઉત્તમ ભોગોનું ભોગવવું આ બધો પુણ્યનો મહિમા છે માટે ચતુર પુરુષોએ અવશ્ય પુણ્ય-કર્મ કરવું જોઈએ.

જુઓ! ધર્મ ગુણોનો ખજાનો અને સૌનું ભલું કરનાર છે. બુદ્ધિમાન લોકો ધર્મની સેવા કરે છે. ધર્મથી શુભગતિ થાય છે, ધર્મ મોક્ષનું કારણ છે માટે નમસ્કાર યોગ્ય છે. ધર્મ સિવાય કોઈ ઉત્તમ વસ્તુ આપી શકતું નથી. ધર્મનું બીજ સમ્યગ્દર્શન છે તેથી હું પણ ધર્મમાં મારું ચિત્ત જોડું છું. હે ધર્મ! તારે પણ મને સંસારમાં પડતો બચાવવો યોગ્ય છે.

એ પ્રમાણે શ્રી સકલકીર્તિ મુનિરાજરચિત ધન્યકુમાર ચરિત્રમાં ધન્યકુમારના રાજ્યલાભનું વર્ણન નામનો છઠો અધિકાર પૂરો થયો. ૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સાતમો અધિકાર

## [ ધન્યકુમારનું સર્વાર્થસિદ્ધિમાં ગમન ]

**वीतरागजगन्नाथांस्त्रिजगद्भव्यवन्दितान् ।**
**विश्वप्राणिहितावन्दे शिरसा परमेष्ठिनः ॥**

એક દિવસ ધન્યકુમારના મનમાં એવો વિચાર આવ્યો કે કોઈ પણ રીતે ધન સફળ કરવું જોઈએ એટલે તેણે મોટા મોટા ઊંચા જિનમંદિરો બનાવવાનું શરૂ કર્યું અને તેમાં બિરાજમાન કરવા માટે સુવર્ણ અને રત્નોની સુંદર પ્રતિમાઓ બનાવરાવી. ચારે સંઘ બોલાવીને મોટા ઉત્સવ સહિત પ્રતિષ્ઠા કરાવી. ખૂબ ધન ખર્ચ્યું. આ બધા કામ તેણે ફક્ત પોતાના ભલા માટે કર્યા હતા.

ધન્યકુમાર પ્રતિદિન પોતાના ઘરના જિનચૈત્યાલયમાં બહુ જ ભક્તિપૂર્વક જિનપૂજા કરતો અને બીજાઓને પણ તેમ કરવાની પ્રેરણા આપતો. કારણ કે જિનપૂજા સર્વસુખની આપનારી છે. જ્યારે મુનિઓના આહારનો સમય થતો ત્યારે સ્વયં પોતાના ઘર પાસે ઉભો રહીને મુનિઓની વાટ જોયા કરતો અને પાત્રનો સમાગમ થતાં વિધિપૂર્વક ખૂબ જ વિનય સહિત પવિત્ર આહાર આપતો. ભવ્યજનો સાથે સદા નિર્ગ્રંથ સાધુઓની ભક્તિ, સેવા, પૂજા, વંદન કરતો. તેમના મુખે શ્રાવકધર્મ અને મુનિધર્મનું સ્વરૂપ તત્ત્વોનું વ્યાખ્યાન સાંભળતો કેમ કે તેને વીતરાગતા ખૂબ જ પ્રિય હતી.

જે દિવસે આઠમ અને ચૌદશ હોય તે દિવસે રાજ્યનું બધું કામ છોડીને નિયમપૂર્વક ઉપવાસ કરતો કેમ કે તેને પોતાના કર્મોનો નાશ કરવાની ખૂબ જ ઇચ્છા હતી. મુનિની જેમ નિરાકુળ થઈને ત્રણે કાળ સમતાભાવથી શુદ્ધ સામાયિક કરતો હતો.

તેણે શંકાદિ દોષોનો પોતાના આત્મામાંથી ત્યાગ કરીને તથા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિઃશંકતાદિ આઠ ગુણો ધારણ કરીને સમ્યગ્દર્શનની નિર્મળતા પૂરેપૂરી કરી લીધી હતી કેમ કે એ જ શુદ્ધિ મોક્ષસુખનું કારણ છે.

આ વાત તો સૌ કોઈ માનશે કે જ્ઞાન, ત્રણ લોકના પદાર્થોને પ્રગટ કરવા માટે દીપક સમાન છે તેથી ધન્યકુમાર પણ પોતાનું અજ્ઞાન દૂર કરવા માટે મહાન બુદ્ધિમાનોની સાથે સદા જ્ઞાનનો અભ્યાસ કરતો હતો.

પોતાને યોગ્ય શ્રાવકના વ્રતોનું દરેક સમયે નિરતિચાર પાલન કરતો હતો. હૃદયમાં ધર્મ અને ધર્મના લક્ષણોનું મનન કરતો હતો અને સુખ માટે દરેકને ધર્મનો ઉપદેશ આપતો હતો. પોતાના શરીરથી જ્યાંસુધી બને ત્યાંસુધી ધર્મપાલન કરવામાં કોઈ જાતની ખામી રાખતો નહિ. ટૂંકમાં એમ જ કહો કે ધન્યકુમાર મન, વચન, કાયા અને કૃત, કારિત, અનુમોદનાથી ધર્મમય થઈ ગયો હતો. તે એ વાત બરાબર જાણતો હતો કે ધર્મથી ધન મળે છે, ધનથી કામસુખ મળે છે અને કામનો ત્યાગ કરવાથી અનંત સુખનો સમુદ્ર મોક્ષ મળે છે. માટે પોતાના અભિષ્ટની સિદ્ધિ અર્થે મન, વચન, કાયાથી ધર્મનું સેવન કરવામાં સમય વીતાવતો.

ધન્યકુમારને સર્વ સુખનું કારણ એવી રાજ્યલક્ષ્મી મળી હતી તે ધર્મની જ શક્તિ માનવી જોઇએ. તે દરેક પ્રકારના ઉત્તમોત્તમ સુખના અનુભવથી સુખ-સમુદ્રમાં એટલો ડૂબી ગયો હતો કે સમય કેટલો વીતી ગયો તેની પણ તેને ખબર ન રહી.

એક દિવસે ધન્યકુમારે પોતાની સુભદ્રા નામની સ્ત્રીનું મુખ કાંઇક મલિન જોઇને તેને પૂછયું – પ્રિયે! આજે તમારું મુખ મલિન કેમ છે? એવું લાગે છે કે તમને કોઇ શોકે ઘેરી લીધા છે.

તે બોલી – સ્વામી! મારો ભાઇ શાલિભદ્ર ઘણા દિવસોથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધન, કુટુંબ, શરીર અને સુખ-સામગ્રીથી ઉદાસીન થઇ ગયો છે અને સદા વૈરાગ્યના ચિંતવનપૂર્વક ઘરમાં જ તપનો અભ્યાસ કરે છે પરંતુ આજે ખબર પડી કે તે જિનદીક્ષા લેવા ઇચ્છે છે. વિભો! હું તેને ખૂબ જ ચાહું છું એટલે તેના ભાવી વિયોગની વાત સાંભળીને ખૂબ જ દુઃખી થઇ ગઇ છું.

નાથ! આપના રાજ્યમાં મને દરેક પ્રકારનું સુખ મળવા છતાં પણ ભાઇનું વિરહદુઃખ જ દુઃખી બનાવી રહ્યું છે. એ જ મારા શોકનું કારણ છે. આ સાંભળીને ધન્યકુમારે કહ્યું — બસ આ જ દુઃખનું કારણ છે ને? હમણા જ જઇને હું તેને મધુર વચનોથી સમજાવી દઉં છું જેથી આપણને સૌને સુખ થશે. તું શોક છોડી દે.

તેને આમ સમજાવીને ધન્યકુમાર તે જ વખતે પોતાના સાળાના ઘેર ગયો અને તેને ઉદાસીન જોઇને પૂછયું – પ્રિયવર! હમણા હમણા તમે અમારે ઘેર કેમ નથી આવતા? જવાબમાં શાળિભદ્રે કહ્યું — માન્ય! હું શું કરું? સંયમ (મુનિપદ) ઘણો જ કઠિન છે એટલે તેની સિદ્ધિ માટે તપશ્ચરણનો અભ્યાસ ઘરમાં રહીને કરું છું તેથી જ આપને ઘેર આવી શકતો નથી.

ધન્યકુમારે કહ્યું – ભલે, પણ જો તમારે દીક્ષા જ લેવી હોય તો જલ્દી કરો. અહીં તપનો અભ્યાસ કરવાથી શો ફાયદો થાય? અરે! પહેલાં પણ વૃષભ આદિ અનેક મહાત્માઓ વર્ષાદિ યોગના ધારક થયા છે અને તપ કરીને મોક્ષે ગયા છે, શું તેમણે પણ ઘરમાં અભ્યાસ કર્યો હતો? નહીં જ. પરંતુ વાદળાનું વિખરાવું વગેરે થોડુંક જ વૈરાગ્યનું કારણ જોઇને અસંખ્ય વર્ષો સુધી ભોગવેલું રાજ્યસુખ પણ જોતજોતામાં નિડર થઇને છોડી દીધું અને તપદ્વારા કર્મોનો નાશ કરીને મોક્ષમાં ચાલ્યા ગયા. વાસ્તવમાં તેમને જ પુરુષોત્તમ કહેવા જોઇએ. તમે ડરપોક લાગો છો તેથી તપનો અભ્યાસ કરો છો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ! હું હમણા જ આ કઠિન દીક્ષા પણ અભ્યાસ વિના જ ગ્રહણ કરી લઉં છું, તમે નથી જાણતા કે સંસારનો નાશ કરનાર પાપી યમ કોણ જાણે ક્યારે તમને, મને અથવા બીજાને લઇ જવા માટે આવી પહોંચે? જુઓ! કાળ ગર્ભમાં રહેનારા, યુવાન, દીન, દુઃખી, સુખી, ધનવાન કે નિર્ધન કોઇની કાંઇ પરવા રાખ્યા વિના બધાને પોતાનો શિકાર બનાવી દે છે. તેથી ભાગ્યવશ જ્યાંસુધી તે ન આવી પહોંચે ત્યાર પહેલાં જ જિનદીક્ષા લઇને હિતના માર્ગમાં લાગી જવું જોઇએ. કારણ કે જ્યાંસુધી રાક્ષસોનો શરીર ઉપર અધિકાર જામ્યો નથી ત્યાં સુધી જ મોક્ષ સુખનો ઉપાય પણ બની શકશે અને જ્યાં વૃદ્ધાવસ્થા શરીરમાં પેઠી પછી તપ, વ્રતનું પાલન યોજનો દૂર થઈ જાય છે. માટે જે સંસારથી છૂટવા ઇચ્છે છે તેમણે ઇંદ્રિયો પોતપોતાનું કામ સારી રીતે કરી શકતી હોય ત્યાં સુધીમાં જ સંયમ ગ્રહણ કરવો ઉચિત છે કેમ કે જેમની ઈંદ્રિયો શિથિલ થઈ જાય છે તે સંયમને યોગ્ય થઈ શકતા નથી અને સંયમ વિના તપ, વ્રત વગેરે સાર્થક કહેવાતા નથી.

મનુષ્ય એવો વિચાર કર્યા કરે છે કે આજે અથવા કાલે અથવા થોડા દિવસો પછી તપ અને વ્રત ધારણ કરીશ અને ત્યાર પહેલાં જ મૃત્યુ આવી પહોંચે છે. આ જીવન ઘાસની અણીપર રહેલા ઝાકળના બિંદુની પેઠે જલ્દીથી નાશ પામે એવું છે અને યૌવન વાદળાની જેમ જોત જોતામાં નાશ પામી જાય છે. લક્ષ્મી વેશ્યાની પેઠે ચપળ અને બુરી છે. ચોર, શત્ર અને રાજા વગેરે સદા એના છિનવાઈ જવાની ચિંતામાં રહ્યા કરે છે, દુઃખદાયક છે અને દુઃખે એનું ઉપાર્જન થાય છે. રાજ્ય ધૂળ સમાન તુચ્છ, સર્વ પાપનું કારણ, ચંચળ અને હજારો ચિંતાઓથી ભરેલું છે. કયો બુદ્ધિમાન આવા રાજ્યનું પાલન કરીને સુખી થાય? સ્ત્રીઓ મોહની વેલ, સર્વ અનર્થ, અન્યાયનું કારણ અને દુષ્ટ હોય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘરમાં રહેવું એ પાપ અને આરંભનું સ્થાન છે. શરીર રુધિરાદિ સાત ધાતુઓથી ભરેલું, અપવિત્ર, દુર્ગંધવાળું અને ઇંદ્રિયરૂપી ચોરોને રહેવાનું ઘર છે એને પોતાનું હિત ચાહનાર કયો પુરુષ ભોગોદ્વારા પુષ્ટ કરવા ઇચ્છે? દરેક વખતે ભલે ભોગ ભોગવવામાં આવે પરંતુ તે અસંતોષ અને પાપના જ કારણ છે. અરે! એ સ્ત્રીના અપવિત્ર શરીરદ્વારા જ ભોગવાય છે ને? તો પછી બુદ્ધિમાન એનાથી સુખની ઇચ્છા કેવી રીતે કરી શકે? દુઃખનો સમુદ્ર અને વિષમ આ સંસાર અનંત છે, ચાર ગતિઓમાં ભ્રમણ કરવું તે એનો સાર છે. કોઈ બતાવો કે બુદ્ધિમાનોને પ્રેમ કરવા માટે એમાં કઈ ઉત્તમ વસ્તુ છે? ઇત્યાદિ હિતકર અને વૈરાગ્યના વચનોથી ધન્યકુમારે શાળિભદ્રના રોમેરોમમાં વૈરાગ્ય ઠસાવીને તેને મુનિપદ માટે ઉત્તેજિત કરી દીધો અને તેનાથી પણ ચડિયાતો વૈરાગી બનીને પોતે તરત જ પોતાને ઘેર ચાલ્યો ગયો.

શાળિભદ્ર ધન્યકુમારનું આવડું મોટું સાહસ જોઈને બધું ધન અને ઘરબાર છોડીને તેની પાછળ જ ઘરમાંથી નીકળ્યો. ધન્યકુમારે ઘેર જઈને રાજ્યભાર પોતાના મોટા પુત્ર ધનપાળને સોંપ્યો અને પોતે શ્રેણિક, માતાપિતા, સગા સંબંધીઓની ક્ષમા માગીને શાલિભદ્ર તથા બીજા પણ કેટલાય લોકો સાથે શ્રી વર્દ્ધમાન સ્વામિના સમવશરણમાં ગયો. ત્યાં ત્રિભુવનસ્વામી, જગદ્ગુરુ શ્રી મહાવીર ભગવાનની ત્રણવાર પ્રદક્ષિણા કરી, તેમને ભક્તિપૂર્વક વિનીતભાવથી નમસ્કાર કર્યા અને ઉત્તમ દ્રવ્યોદ્વારા તેમની પૂજા કરી સ્તુતિ કરવા લાગ્યો. વિભો! આપ સંસારના સ્વામી છો, સર્વનું હિત કરનાર છો, મહાન્ ગુરુ છો, વિના કારણે જગતના બંધુ છો અને આપ જ જીવોને સંસારના દુઃખોથી છોડાવનાર છો. નાથ! આજે આપના ચરણકમળના દર્શન કરીને મારા નેત્ર સફળ થયા છે અને મારા હાથ આપની પૂજા કરીને. સ્વામી! આપના દર્શન માટે અહીં આવવાથી મારા પગ પણ કૃતાર્થ થયા અને નમસ્કાર કરવાથી જીવન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જન્મ તથા મસ્તક પાવન થયા. પૂજ્યપાદ! આજે મારી જીભ આપના ગુણોનું ગાન કરીને સાર્થક થઈ અને ગુણોનું ધ્યાન, ચિંતવન કરવાથી મન પવિત્ર થયું.

હે અનાથબંધો! આજે આ શરીર પણ સફળ છે કેમકે તેણે આપના ચરણોની સેવા કરી અને અમે પણ ધન્ય છીએ કેમકે આપની ભક્તિથી સુગંધિત થયા છીએ. ભગવન્! જો કે આ સંસાર અપાર છે પરંતુ આપનો આશ્રય કરનારાઓને તો તે હાથની અંજલિ જેવડો લાગે છે કેમ કે આપ એમનું જહાજ છો ને! નાથ! આપ અનંત ગુણોનું સ્થાન છો, આપની સ્તુતિ ગણધર સરખા મહામુનિ પણ કરી શકતા નથી તો એમની સામે અમે કઈ ગણતરીમાં છીએ કે જેમને થોડા અક્ષરોનું જ જ્ઞાન છે માટે હે દેવ! આપને નમસ્કાર છે, આપના અનંત ગુણોને નમસ્કાર છે અને સમ્યગ્-દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય આપનારને નમસ્કાર છે.

વિભો! આપની સ્તુતિ અને નમસ્કારના ફળ રૂપે તપશ્ચરણ સાથે રત્નત્રય ઇચ્છીએ છીએ, શું આપ દયા કરશો! અથવા અમને આપ આપના જેવા જ બનાવી લ્યો પછી સમ્યક્ત્વાદિ તો સહેજે જ થઈ જશે. બસ એ જ અમારી ઇચ્છા છે અને એટલા માટે જ આપની સામે હાથ જોડીને ઉભા છીએ.

પછી ભગવાનના કહ્યા પ્રમાણે ધન્યકુમાર અને શાલિભદ્ર આદિ સર્વ મહાપુરુષોએ શાશ્વત મોક્ષસુખ માટે બાહ્ય અને અંતરંગ પરિગ્રહનો તથા મોહનો મન-વચન-કાયાની શુદ્ધિથી ત્યાગ કર્યો અને મોક્ષની માતા જિન-દીક્ષાનો સ્વીકાર કર્યો, અઠાવીસ મૂળગુણ ધારણ કર્યા.

પછી પાપકર્મનો નિર્મૂળ નાશ કરવા માટે પોતાની શક્તિ પ્રગટ કરીને બાર પ્રકારના તપ કરવા લાગ્યા. આળસ છોડીને દ્વાદશાંગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાસ્ત્રો ભણવા લાગ્યા જે અજ્ઞાનનો નાશ કરીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે. કોઈવાર પર્વતોની ગુફાઓમાં, કોઈ વાર સૂના ઘરોમાં, કોઈ વાર સ્મશાનમાં, કોઈ વાર નિર્જન સ્થાનમાં અને કોઈવાર ભયંકર વન વગેરેમાં પોતાના ધ્યાન અધ્યયનની સિદ્ધિ માટે સિંહની જેમ સદા નિડર અને સાવધાન રહેતા હતા. જાતજાતના આસનો દ્વારા તપ કરતા હતા.

ધર્મપ્રચાર માટે દરેક દેશ, નગર, ગ્રામ, દુર્ગ અને પર્વતાદિમાં ઘૂમતા હતા. જંગલ વગેરેમાં ચાલતા ચાલતા જ્યાં સૂર્યાસ્ત થતો ત્યાં જ ધ્યાન કરવા લાગતા કેમ કે જીવોની દયા કરવી એ તો મુનિઓનું મુખ્ય કર્તવ્ય હોય છે ને ?

જ્યારે ચોમાસુ આવતું, પ્રચંડ વાયુ વાતો, ચારે તરફ ભયંકરતા દેખાતી અને સર્પ, વીંછી, મચ્છર આદિ જીવોની સંખ્યા ખૂબ વધી જતી તોપણ પોતે શરીર ઉપરથી મોહ છોડીને વૃક્ષની નીચે ધ્યાનપૂર્વક મહાયોગ ધારણ કરતા હતા.

ઠંડીના દિવસોમાં શીતથી બળી ગયેલા વૃક્ષોની જેવા થઈને મેદાનમાં અથવા નદી, તળાવના કિનારા ઉપર રહેતા અને ધ્યાના–ધ્યયન કરતા.

ગરમીના દિવસોમાં સૂર્યના આકરા કિરણોથી તપેલી અને જલતી અગ્નિની જેમ અત્યંત દુઃસહ ગરમ શિલાઓ ઉપર ધ્યાનરૂપ અમૃતના પાનથી આત્માનંદમાં લીન થઈને સૂર્ય તરફ મુખ રાખીને કાયોત્સર્ગ ધ્યાન કરતા અને તે પણ ફક્ત કર્મોનો નાશ કરવાની ઇચ્છાથી.

એ જ પ્રમાણે શાસ્ત્રાનુસાર અનેક કાયક્લેશ, અનંત સુખમય મોક્ષની ઇચ્છાથી તે દરેક સમયે કરતા રહેતા. ક્ષુધા, તૃષાદિ મહા કઠિન બાવીસ પરિષહ તથા હિંસક જીવો દ્વારા આપવામાં આવતા ઘોરાતિઘોર દુઃખ સમતાભાવે સહન કરતા. આર્ત, રૌદ્રાદિ બૂરા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્યાનનો આત્મામાંથી ત્યાગ કરીને ધર્મ અને શુક્લધ્યાનનો ગુફાદિમાં બેસીને અભ્યાસ કરતા. ઇન્દ્રિયોને વશ રાખતા. મહાવ્રતની શુદ્ધિ માટે પચ્ચીસ ભાવનાઓનું, વૈરાગ્ય વધારવા માટે બાર અનુપ્રેક્ષાઓનું ધર્મની વૃદ્ધિ માટે દસલક્ષણ ધર્મનું, સમ્યગ્દર્શનની નિર્મળતા માટે તત્ત્વોનું અને મન તથા પાંચે ઇંદ્રિયોને રોકવા માટે જૈન શાસ્ત્રોનું નિર્વિકલ્પ ચિત્તથી મનન કરતા. ઇત્યાદિ કઠિન યોગ અને તપનું આ સાધુઓએ જીવનભર પાલન કર્યું.

અંતે ધન્યકુમાર મહામુનિએ ચાર પ્રકારનો આહાર તથા શરીરમાં મોહ છોડીને એકલા જ નિર્જન વનમાં પર્વતની જેમ નિશ્ચલ ખડા રહીને વિધિપૂર્વક સંલેખનાનો સ્વીકાર કર્યો.

પહેલાં જ ક્ષમા આદિ સારા સારા ગુણો દ્વારા કષાયો ઘટાડીને શરીર સંલેખના કરવા લાગ્યા, થોડા જ દિવસોમાં ઉપવાસ આદિદ્વારા આખું શરીર સૂકવી નાખીને ક્ષુધાદિ પરિષહ જીત્યા. ધન્યકુમાર મુનિના મુખ, હોઠ આદિ બધું સૂકાઈ ગયું હતું તોપણ તેમનામાં ધૈર્ય અને મનોજય હતાં. શરીરમાં ફક્ત હાડકા અને ચામડી માત્ર રહી ગઈ હતી તોપણ તેમનું મહાબલ અને ક્ષમાશીલતા અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન કરતાં. કોઈ વાર અત્યંત સાવધાનીથી ચારે આરાધનાઓનું આરાધન કરતાં, કોઈ વાર પંચ પરમેષ્ઠીપદનું અને કોઈ વાર પરમાત્માનું ધ્યાન કરતા. અંતે સર્વ આલંબનવાળા ધ્યાનનો ત્યાગ કરીને નિરાવલંબી ધ્યાન કરવાનું શરૂ કર્યું.

આ પ્રમાણે શુભધ્યાન, શુભયોગ અને શુભલેશ્યાઓ દ્વારા નવ મહિના સુધી સંલેખનાનું પાલન કર્યું અને અંતે પ્રાયોપગમન મરણદ્વારા ધ્યાન અને સમાધિપૂર્વક પ્રાણ છોડીને તપ તથા ધર્મના પ્રભાવથી સર્વાર્થસિદ્ધિમાં ઉપપાદ શય્યામાં જન્મ લઈને અંતર્મુહૂર્ત માત્રમાં અતિશય સુંદર શરીરના ધારક અહમિન્દ્ર થઈ ગયા.

તે અહમિન્દ્ર બીજા અહમિન્દ્રો સાથે અનેક પ્રકારની ધાર્મિક વાર્તાઓ કરતા અને કોઈ વાર સ્ફટિકમણિના બનેલા સ્વભાવથી જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુંદર પોતાના મહેલોમાં અથવા નંદનવનમાં રમ્યા કરતા. તેત્રીસ હજાર વર્ષો પછી કંઠમાંથી ઝરતા અમૃતનો તે આહાર કરતા. અને સાડા સોળ વર્ષ બાદ તેમને શ્વાસોચ્છ્વાસ લેવો પડતો.

આમ ઉત્તમ સુખનો ઉપભોગ કરતાં તે અહમિન્દ્ર સદા સુખ-સમુદ્રમાં ડૂબેલા રહે છે. આયુષ્યની સ્થિતિ પૂરી થતાં એ રાજ્યકુળમાં જન્મ લઈ ને મોક્ષ પધારશે.

ધન્યકુમાર મુનિ સિવાયના શાલિભદ્રાદિ જેટલા મુનિ હતા તેઓ પણ જીવનભર તપશ્ચરણ કરીને અને અંતે સમાધિપૂર્વક પ્રાણોનો પરિત્યાગ કરીને પોતપોતાના પરિણામાનુસાર સૌધર્મ સ્વર્ગથી માંડીને સર્વાર્થસિદ્ધિ સુધી ગયા.

ઉપસંહાર—

જુઓ ! દુઃખી, દરિદ્રી અકૃતપુણ્ય ફક્ત દાનની ભાવના અને થોડા દાનના ફળ વડે ધન્યકુમાર થયો અને પછી તપશ્ચરણદ્વારા સર્વાર્થસિદ્ધિમાં ગયો. માટે હે ગૃહસ્થો ! આ ઉદાહરણ પરથી તમારે પણ દાન દેવાની શિખામણ લેવી જોઈએ.

ગુણના ભંડાર ધન્યકુમાર મુનિરાજને ધન્ય છે, તેમના ગુણોની હું સ્તુતિ કરું છું અને તેમના જ બતાવ્યા પ્રમાણે મોક્ષમાર્ગનું સેવન કરવા ઇચ્છું છું. તેમને મસ્તક નમાવીને નમસ્કાર કરું છું, તેમના ગુણોનું ધ્યાન કરીને તેમનામાં મારું મન જોડું છું. હે ધન્ય ! શું મને પણ આપની જેમ ધન્ય નહિ બનાવો ?

ધન્યકુમાર મુનિનું આ નિર્મળ ચરિત્ર છે, જે લોકો ભક્તિથી તે વાંચશે, ધર્મસભાઓમાં વાંચશે અથવા સાંભળશે તેઓ ઉત્તમ પરિણામો દ્વારા ઉત્પન્ન થનારા ધર્મના ફળથી સ્વર્ગ સુખ ભોગવીને, તપશ્ચરણ દ્વારા રત્નત્રયયુક્ત થઇને નિયમથી મોક્ષસુખના ભોક્તા થશે.

છેવટે મારી નિર્દોષ અને ગુણજ્ઞ વિદ્વાનોને પ્રાર્થના છે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેઓ અલ્પજ્ઞ એવા આ સકલકીર્તિદ્વારા કેવળ ભક્તિથી બનાવેલા આ ચરિત્રનું સંશોધન કરે.

આખા સંસારનું હિત કરનાર અર્હંત્ અનંત સિદ્ધ, પંચાચારના પાલક આચાર્ય, શિષ્યોને ભણાવનાર ઉપાધ્યાય અને સ્વર્ગ–મોક્ષનો ઉપાય કરનાર તથા કઠિન તપશ્ચરણ કરનાર સાધુઓ મને મોક્ષના કારણનું મંગલ પ્રદાન કરો. હું તેમની સ્તુતિ–વંદના કરું છું.

આ ચરિત્રના બધા મળીને સાડા આઠસો શ્લોક છે.

એ પ્રમાણે શ્રી સકલકીર્તિ મુનિરાજરચિત ધન્યકુમાર ચરિત્રમાં ધન્યકુમારનું સર્વાર્થસિદ્ધિમાં ગમન – એ વર્ણન કરનાર સાતમો અધિકાર સમાપ્ત થયો. ૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com